
આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૪ ઓગસ્ટ–૧૯૮
અંક : ૧૧




# * न मे भक्तः प्रणश्यति *

ભગવાનના ભક્તનો કદી નાશ થતો નથી એટલે શું? એમ કહીને ભગવાન શું સૂચવવા માગે છે એ વિચારવા જેવું છે. ભક્તના જીવનમાં ધન, વૈભવ, ઐશ્વર્ય, પદ, પ્રતિષ્ઠા, પૂજા, સત્તા, સૌંદર્ય, યૌવન બધું જ હોય, રિદ્ધિસિદ્ધિ પણ હોય, પરંતુ ભગવાનની ભક્તિ ના હોય તો ભક્તના જીવનમાં કશું જ નથી હોતું. ભક્તિ સિવાય સાચા ભક્તને પોતાનું જીવન અધૂરું લાગે છે. નીરસ અથવા નિરર્થક ભાસે છે. પરિમલ વિનાના પુષ્પનું, સલિલ સિવાયની સરિતાનું, ચાંદની વિનાના ચંદ્રનું, અને જ્યોતિ વગરના દીપકનું મૂલ્ય જેમ નહિવત્ હોય છે અથવા આત્મા વિનાના અંગની જેમ કશી વિસાત નથી હોતી, તેમ ભગવાનની પ્રીતિ વિના ભક્તના જીવનમાં શૂન્યાવકાશ સરજાય છે. ભક્તિ વિના ભક્ત મૃતઃપ્રાય બની જાય છે.

ભગવાન કહે છે કે, મારા ભક્તનો કદી પણ નાશ થતો નથી. એનો અર્થ એવો થયો કે ભક્ત જેનાથી વંચિત બનીને મૃતઃપ્રાય બની જાય છે તે ભગવદ્ભક્તિ કે પરમાત્મપ્રીતિથી ભગવાન ભક્તના જીવનને સુસંપન્ન બનાવે છે. ભગવાન એને સદ્બુદ્ધિ અર્પે છે, બુદ્ધિયોગનું દાન કરે છે. એ બુદ્ધિયોગ કે સદ્બુદ્ધિની મદદથી ભક્ત પરમાત્માને પોતાના જીવનનું પરમ પ્રાપ્તવ્ય સમજીને નિત્ય નિરંતર અવનવા ઉત્સાહથી આગળ વધે છે.

યોગેશ્વરજી



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫–૮–૧૯૨૧

નિર્વાણ : ૧૮–૩–૧૯૮૪

## * શક્તિ દો *

તજ્યાં ઘર, તજ્યા અમે મહલ ને તજ્યા વૈભવો,
તજ્યા ભવ સંબંધ, સ્નેહરસનાં બધાં બંધનો;
લઈ હૃદયમાં અપાર બસ પ્રેમ તારા પ્રતિ,
અમે વનમહીં કર્યાં ઘર, કરી રણે મહેફિલો!

સહ્યાં સતત તાપ છાંય હસતા મુખે ને અહો,
લઈ હૃદય દાહ રાતદિન ના સૂતાયે અમો;
અપાર ઉરવેદના અમિત આંસુ વચ્ચે સદા
અસંગ કરતા રહ્યા પ્રણય પ્રેમથી તાહરો!

નથી વિભવ કીર્તિ કે પરમ મુક્તિને ઇચ્છતા,
અપાર વિભવી પ્રતિષ્ઠિત વિમુક્ત સાચે અમે;
નથી વિષયવાસના, વર નથી અમે માગતા,
છતાં ચરણમાં પડેલ સહતા મહા વેદના.

પ્રભો, અતુલ શક્તિ દો, પ્રકટ હો અમારી મહીં,
થઈ ભસમ જાય દુઃખ દુનિયાતણાં, વેદના.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ ,દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

¤ **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
¤ **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
¤ **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
¤ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
¤ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
¤ **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

¤ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
¤ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

¤ **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
¤ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
¤ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
¤ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
¤ 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
¤ દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# મહાત્મા યોગેશ્વર સ્મૃતિ અંક

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| આપણે આપણું ઋણ અદા કરીએ | નારાયણ હ. જાની | ૧૧ |
| કબીર સુધા | પરમાર્થી | ૧૮ |
| રીઝે સ્મરણથી શ્રીહરિ | રતિલાલ ભાવસાર | ૨૪ |
| સાચું શરણ | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૫ |
| વિભુવરને અરજ | પ્રો. ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર | ૨૬ |
| રડવાની ટેવ પાડો | કિસ્મત કુરેશી | ૨૭ |
| પાથેય | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૨૮ |
| ગોપી પ્રેમ | યોગેશ્વરજી | ૪૨ |
| ગુરુપૂર્ણિમાની ઉજવણી | — | ૪૬ |
| હિમાલયના પત્રોમાંથી | સુરેશ શાહ | ૪૯ |
| એક ચમત્કારિક અનુભવ | અંજુબેન તલાટી | ૫૪ |
| સત્ય-નિષ્ઠા | કમલ સુથાર | ૬૧ |


# સર્વે સહાયકર્તાઓનો આભાર

આટલી કપરી મોંઘવારીમાં પણ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી, અધ્યાત્મ માસિક ન્યુઝ પ્રિન્ટ ઉપર છપાતું ન હોવા છતાં ભારતમાં વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૧૫ થી અને પરદેશોમાં (By Air Mail)થી રૂા. ૨૦૦ માં આપવાનું તોજ શક્ય બની રહ્યું છે કે પરદેશોમાં વસતા ભાઇબહેનો તેના પ્રકાશન ખર્ચમાં ઘણી મોટી સહાય કરતા રહ્યા છે. 'અધ્યાત્મ'ના ઓગસ્ટ ૧૯૯૩ ના પ્રકાશનનો ખર્ચ અમેરિકાનાં ભાવિક સાધક ભાઇબહેનો તરફથી આપવામાં આવી રહ્યો છે. આ કાર્યમાં નાની મોટી સહાય કરનાર સર્વ વ્યક્તિઓનો 'અધ્યાત્મ' આભાર માને છે તેમ જ તે સહુને અભિનંદન અને શુભાશીષ પાઠવે છે.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ ઓગસ્ટ–૧૯૯૩ અંક : ૧૧


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૮–૨–૮૧, બુધવાર, મહા સુદ પૂનમ, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

સવારે ઉઠતાં પહેલાં પૂ. શ્રી ૧ થી ૩ રાત્રે બે કલાક જપ કરી લે છે. સર્વેશ્વરી ૩ થી ૪–૩૦ રામાયણ પારાયણ કરી ૪–૩૦ થી ૫–૦૦ પ્રકાશના પંથેનું વાંચન કરે છે. સવારે વ્યાયામ, પ્રાર્થના, જપ, લેખન વગેરેમાં નિયમિત પ્રવૃત્ત થવાય છે. સાડા અગિયારે એક શાળાનાં મુખ્ય શિક્ષિકા પૂ. શ્રીને મળવા આવે છે, પોતાની સાધના આગળ વધારવા ઘર છોડવા ઇચ્છે છે. પૂ. શ્રી તેને સાફ ના પાડે છે. ઘરમાં રહીને જ સાધના ઉત્તમ રીતે થશે એમ સમજાવે છે. આજે આ ઉતારાના માલિક પણ મળવા આવે છે.



સાડા બારે પૂ. શ્રી ભોજન લઇ બેઠા છે. આજે શ્રીમદ્ રાજચંદ્રના જન્મસ્થાન વવાણિયા જવાનો કાર્યક્રમ ગોઠવાયો છે. પૂ. શ્રીની ઇચ્છા થોડી ઓછી હતી છતાં તેઓશ્રી વવાણીયા આવે છે. સાથે શ્રીહરિ, શ્રીગોપાલ વગેરે પણ જોડાય છે. માર્ગમાં શિક્ષિકાબેનની વાતો થાય છે. સ્ત્રીઓ માટે ઘરની બહાર નીકળવાનું અયોગ્ય છે એ અંગે વાતો કરી.

વવાણિયા ૩૦ કિલોમીટર દૂર નવલખીના રસ્તા પર આવેલું છે. દૂરથી શ્રીમદ્ રાજચંદ્રનું જન્મભુવનનું ભવ્ય મકાન અને મંદિરનું દર્શન થાય છે. જન્મભુવનમાં સુંદર મંદિર, હોલ એમાં વિવિધ મુદ્રાવાળા ચિત્રો–શ્રીમદ્નાં પૂત્રી, પત્ની, માતા–પિતાનાં પણ ચિત્રો છે. બહાર સુંદર વચનામૃત લખ્યાં છે. 'ક્ષમા એ મોક્ષનો દરવાજો છે' વિગેરે આકર્ષક વચનો વંચાય છે. મંદિરના સંચાલકે ખૂબ પ્રેમથી બધી સમજ આપી. લગભગ એક કલાક ત્યાં ગાળ્યો. ત્યારબાદ જ્યાં શ્રીમદ્ને જાતિસ્મરણ થયું હતું તે સ્મશાને ગયા. ત્યાંના જ્ઞાનમંદિરમાં દર્શન કર્યાં. વળી ગામની પાદરે રામબાઇ અન્નક્ષેત્રમાં કૃષ્ણ ને શિવમંદિરનાં દર્શન પણ કર્યાં.

સાડા ત્રણે ફરી મોરબી આવી ગયા. પૂ. શ્રી થોડો આરામ કરી કાવ્યનું લેખન કરી બરાબર છ વાગ્યે બહાર આવી ભક્તોની સામે બિછાવેલા પલંગ પર બિરાજે છે. સુતરિયા ગ્રુપ બે ત્રણ ભજનો સંભળાવે છે. જેમાં સર્વેશ્વરીને લગતાં બે ભજનો દીન-દયાળુ કપૂરાવાળી, તથા જય જગદીશ્વરી માત સર્વેશ્વરી–નોંધને યોગ્ય હતાં. ભજનો બાદ પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન :** કર્મ, અકર્મ ને વિકર્મ એટલે શું?

**પૂ. શ્રી : કર્મ :** એટલે ખાવાનું, પીવાનું, ફરવાનું, કમાવાનું

એ કર્મો. શરીરથી, મનથી થતાં કર્મો. સંસારનો કોઇ માણસ એવો નથી જે આ પ્રકારનાં કર્મ વિના રહી શકે. જ્યાં સુધી શરીર હોય, ત્યાં સુધી તો તે કર્મો રહે.

**વિકર્મ :** કેટલાક વિપરિત કર્મો, કુકર્મો કે દુષિત કર્મો કહે છે. પણ વિકર્મ એટલે મારી દૃષ્ટિએ વિશિષ્ઠ પ્રકારનાં કર્મો, જેવાં કે જ્ઞાન ને ધ્યાન, ભક્તિયોગથી થતાં ખાસ કર્મો, એમાં મદદ કરે એવાં–માળા કરવાનું કર્મ પ્રાણાયાંમનુ કર્મ, મંદિરે જવાનું–એ બધાં મદદ કરે તે વિકર્મ. જીવનના ધ્યેયને પૂર્ણ કરવામાં મદદરૂપ થાય તે બધાં જ વિકર્મો.

**અકર્મ :** એટલે ઘણા કહે કર્મ નહીં કરનાર, આળસુ, પણ ગીતા કહે છે :

મથુરા ગયા, નદી જોઇ, દુર્વાસાની કુટિયા જોઇ હશે. ત્યાં દુર્વાસા ચાતુર્માસ કરે. ગોપીઓ પકવાન લઇને જાય છે. પણ નદીમાં પૂર છે. શ્રીકૃષ્ણ કહે છે, કૃષ્ણ બ્રહ્મચારી હોય તો નદી માર્ગ આપે. નદી માર્ગ આપે છે. નદી પાર થઇ ગઇ. દુર્વાસાએ પકવાન ખાધાં. ફરી નદી પાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે દુર્વાસા કહે, જો દુર્વાસા અખંડ ઉપવાસી હોય તો નદી માર્ગ આપે. ફરી માર્ગ થયો ને નદી પાર થઇ.

અહીં કર્મ થાય છે, પણ બુદ્ધિ લેપાતી નથી. અલિપ્ત ભાવે થતાં કર્મ એ અકર્મ.

**પ્રશ્ન :** સ્વપ્નમાં અનુભવ કરવો છે તો શું કરવું?

**પૂ. શ્રી :** દિવસભર જાગૃતિ દશા દરમ્યાન સતત મન પ્રભુમય રાખો. તો અનુભવ થાય. (પૂ. શ્રી નિત્યાનંદજીના પ્રસંગનું વર્ણન કરે છે.)



**પ્રશ્ન :** મૃત્યુ ને અપમૃત્યુમાં મંગલ કયું?

**પૂ. શ્રી :** અપમૃત્યુ, અકસ્માત, આપઘાતથી થાય. તે અમંગલ છે. તે અસ્વાભાવિક છે.

આજે સવારે એક ભાઇ મોટી રકમનું પાકીટ પૂ. શ્રીને અર્પણ કરે છે. પૂ. શ્રીને એ વાતની ખબર બપોરે અંદર જુએ છે ત્યારે પડે છે. કહે છે જુઓ, ભગવાનની કેટલી બધી કૃપા વરસે છે. આખો મહિનો મહેનત કરીને માંડ જે પૈસા મળે, તેટલી રકમ એક દિવસમાં પ્રભુ આપે. કેવી કૃપા! સર્વેશ્વરી કહે હા, પરંતુ તે કૃપા પાછળ તમારી કસોટી ને તપશ્ચર્યા પણ હતીને! એટલે મળે. એમાં શું?

નાની મોટી વાતોમાં–પ્રભુમય વાતોમાં દિવસ આખો ક્યાં વીતી ગયો તે ખબર ન પડી. પ્રશ્નોત્તરી પછી અલ્પાહાર બાદ આરામ.

**તા. ૧૯–૨–૮૧, ગુરુવાર, મહા વદ પડવો,**
**૨૦૩૭, સ્થળ : મોરબી.**

આવતીકાલે રાજકોટ જવાનું છે તો ક્યારે જવું તે અંગે પૂ. શ્રી પરમશક્તિની આજ્ઞા માંગે છે. પૂ. શ્રી ભોજનબાદ જવાનું વિશેષ ઇચ્છે છે, પણ પરમશક્તિ સવારે જવાની વાત કરે છે. તો પૂ. શ્રી તેને અપનાવી લે છે.

આજે મોરબી ધ્યાનકેન્દ્રના સંચાલકના ઘરે સર્વેશ્વરી એક કલાક બપોરે જાય છે. ત્યાં સત્સંગમાં લગભગ કલાક વીતી જાય છે. ત્રણ વાગ્યે આવવાનું બને છે.

આજે સવારે એક બી.એ.બી.એડ. બેન પૂ. શ્રીને મળવા આવે છે. ખૂબ ભાવનાશીલ બેન છે. જેના સંસ્કારો ઘણા ઉત્તમ છે. જે

પૂર્વજન્મ સાથે સંકળાયેલા છે. એમ પૂ. શ્રી પાછળથી સર્વેશ્વરીને જણાવે છે. કયા કયા જીવો ક્યાં ક્યાં ભેગા થાય તે તો ઈશ્વર જ જાણે.

આજે સત્સંગમાં પ્રશ્નોત્તરી શરૂ થાય છે. તે પહેલાં ભજનો શરૂ થાય છે. 'ભક્તોની ભીડે મારો શામળિયો આવે'–એ ભજન વળી ધૂન શરૂ થાય છે.

**પ્રશ્નો** : ૧. આત્મનિરીક્ષણ એટલે શું? ૨. આ સિવાય અન્ય જગતલોક છે? ૩. ભાગવતમાં બ્રાહ્મમુહૂર્તમાં સ્નાનનો નિષેધ છે? ૪. ધ્યાન–જપ સ્નાન કરીને જ કરવા? ૫. ભક્તિરસમાં તરબોળ થવું હોય તો શું કરવું? ૬. અયોગ્ય પ્રાર્થનાઓ ભગવાન સાંભળે ખરા? ૭. લક્ષ્મણ ને ભરતની ભક્તિમાં કોની ભક્તિ શ્રેષ્ઠ છે?

આજની પ્રશ્નોત્તરીમાં ખાસ નોંધવા યોગ્ય પ્રશ્નો ન હતાં અલ્પાહાર બાદ થોડી તૈયારી કરી આરામ.

**તા. ૨૦–૨–૮૧, શુક્રવાર, મહા વદ બીજ,**
**૨૦૩૭, સ્થળ : મોરબીથી રાજકોટ**

આજે સવારે મોરબીથી રાજકોટ આવી ગયા. મોરબીમાં નાની બાલિકાઓએ સુંદર નૃત્ય કરી વિદાય આપી. રાજકોટમાં યોગેશ્વર નામનો આ ઉતારો જે શાંતિભાઇનું નવું મકાન છે ત્યાં આવી ગયા. સાંજે રાષ્ટ્રીયશાળામાં પ્રથમ પ્રવચન થયું. રાજકોટના નવા ચહેરાઓનું દર્શન થયું.

પ્રવચન બાદ શ્રી ભગવાનજીભાઇ ને કંચનબેન મળ્યાં. આનંદ આવ્યો. રાત્રે ઉતારા પર પણ આવ્યાં. વાતો થઇ. આનંદ.

પછી આરામ.



**તા. ૨૧–૨–૮૧, શનિવાર, મહા વદ ત્રીજ,**
**૨૦૩૭, સ્થળ : રાજકોટ.**

યથાવત્ પ્રવચનનો કાર્યક્રમ ચાલે છે મુલાકાતીઓ ખાસ હોતા નથી. એટલે નોંધ ખાસ થતી નથી.

**તા. ૨૨–૨–૮૧, રવિવાર, મહા વદ ત્રીજ,**
**૨૦૩૭, સ્થળ : રાજકોટ.**

આજે રવિવાર હોવાથી મુલાકાતીઓ વધારે હતા. પ્રશ્નોત્તર શરૂ થયા. પ્રશ્નો આ પ્રમાણે હતાઃ–

૧. માળા સંસ્કાર કર્યા વિના જપી શકાય?

૨. સ્નાન કર્યા વિના જપ થઇ શકે?

૩. ખંડિત મૂર્તિની પૂજા થઇ શકે?

૪. ગાયત્રી જપ સ્રીઓથી થઇ શકે?

પ્રશ્નો સરસ હતા એના ઉત્તરો પૂ. શ્રીની દૃષ્ટિએ આ પ્રમાણે સંક્ષેપમાં હતાઃ–

**જવાબ** : ૧. જો પ્રભુ પ્રીત્યર્થે જપ કરતા હોઈએ તો સંસ્કાર કર્યા વિનાની માળાથી પણ જપી શકાય. પરંતુ શક્ય હોય ત્યાં સુધી જપની માળા એક જ રાખવી.

૨. સ્નાન વગર–અનુષ્ઠાન કે પૂજા નિમિત્તેના જપ થઇ શકે. શરીરની ગમે તે અવસ્થામાં માનસ જપ થઇ શકે.

૩. શાસ્ત્રોના વચનો પ્રમાણે ખંડિત મૂર્તિની પૂજા ન કરવી જોઇએ. પરંતુ જો સાધકને પોતાની ઉપાસ્ય મૂર્તિમાં જીવંતતાનો ભાવ હોય તો તે મૂર્તિના ખંડિત અંગને ઠીક કરીને પૂજી શકાય.

પરમહંસ દેવ શ્રી રામકૃષ્ણે રાધાકૃષ્ણની ખંડિત મૂર્તિને પોતાના હાથે સાંધીને પૂજા કરવાનું ચાલુ રાખેલ.

૪. ગાયત્રીના જપ સ્ત્રીઓથી પણ થઇ શકે. પ્રકાશના પૂંજ સમા સવિતાદેવ પાસે બુદ્ધિને સન્માર્ગે દોરવાની પ્રાર્થના છે. પરંતુ અનુષ્ઠાન કે દેવ–પૂજા વખતે શારીરિક શુદ્ધિ ને પવિત્રતા જાળવવી જરૂરી ખરી.

( ક્રમશઃ )

### સદ્‌ભાવભરી સહાય

પ. પૂ. ગુરુદેવ અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી અધ્યાત્મ માસિકને સદ્‌ભાવભરી સહાયનો પુનિત પ્રવાહ ચાલ્યાં જ કરે છે. જુલાઇ, ૨૨–'૯૩ સુધીમાં કુલ રૂ. ૨૩૯૩ ની સદ્‌ભાવભરી સહાય પ્રાપ્ત થઇ છે. આ ઉપરાંત ૨૭બીથી રૂ. ૫૨૧૪ ની ભેટ ગુરુપૂર્ણિમા નિમિત્તે આવી છે.

શુભ ભાવનાથી નાની મોટી સહાય મોકલનાર સહુ ભાઇ બહેનોને અભિનંદન તેમ જ આશીર્વાદ.

— તંત્રી, અધ્યાત્મ



# આપણે આપણું ઋણ અદા કરીએ

નારાયણ હ. જાની

મહાત્મા શ્રી યોગેશ્વરજી અને મા શ્રી સર્વેશ્વરીમાં શ્રદ્ધા–ભક્તિ ધરાવતા સાધક પરિવારો માટે તારીખ ૧૫ ઓગસ્ટ એક ધાર્મિક પર્વ છે, કારણ કે તે પવિત્ર દિવસે પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ આ પૃથ્વી પર પોતાની આંખ–મા શ્રી જ્યોતિર્મયીના અંકે ઉઘાડી. એક રાષ્ટ્ર માટે જેમ તેના આઝાદીના દિનનું મહત્ત્વ હોય છે, એના કરતાં પણ વધારે જે મહાપુરુષે મનુષ્ય જીવનનું સાચું ધ્યેય બતાવ્યું, આંગળી પકડી પ્રભુપંથે પગલાં ભરાવ્યાં, તેમનું પૃથ્વી પરનું અવતરણ આવી સહુ વ્યક્તિઓ માટે કેટલું બધું મંગલકારી લેખાય, એ જરા વિચારી તો જુઓ!

આ પૃથ્વી પર સમયાંતરે પ્રભુ સંતોને મોકલતા રહે છે અને એ સંતો આપણી વચ્ચે સર્વસાધારણ સ્વરૂપે પ્રેરણા ધરવા વિચરતા રહે છે, છતાં આપણે તેઓને તેઓની હયાતી દરમ્યાન પૂરા ઓળખી શકતા નથી અને પાછળથી એમના મંદિરો બનાવી પૂજીએ છીએ. ચંદન કરી ફૂલો ધરી એમની આરતી ઉતારીએ છીએ. આવી કરૂણતા છે. જે પ્રત્યક્ષ છે તેને ઓળખી તેનો લાભ લેતા નથી અને ઇતિહાસનાં પાનાં ઉથલાવી આવા અગાઉ થઇ ગયેલા સંત મહાત્માઓ કે મુનિઓના જીવનના ચમત્કારી પ્રસંગો વાંચી અહોભાવથી અંજાઇ જઇએ છીએ. જે પ્રત્યક્ષ છે તે પોતાના સામર્થ્યનો કદીક પરિચય આપે છે, પરંતુ તેને સમજવાની કે મૂલવવાની યથાર્થ દૃષ્ટિના અભાવે આપણે એમને સાચા સ્વરૂપે

ઓળખી શકતા નથી. પરિણામે તેઓના પ્રાકટયનો પૂરો લાભ જનસમાજને પૂરતા પ્રમાણમાં મળતો નથી. પછી તેનો પસ્તાવો કરીએ છીએ. પરંતુ બગીચામાં ખીલેલા પુષ્પની ફોરમનો લાભ જો લોકો ના લે, તો તેમાં પુષ્પનો શો દોષ!

સારા નસીબે આપણને પૂ. મા જેવાં પરમ તપસ્વીની પૂ. શ્રીના ઉત્તરાધિકારી તરીકે મળ્યાં. તેઓએ પૂ. યોગેશ્વરજીના અનન્ય ઐશ્વર્યનો, લોકોત્તરતાનો યથાર્થ પરિચય આપણ સહુને કરાવ્યો. તેથી પૂ. યોગેશ્વરજીની સાચી મહાનતાનો આપણને કંઈક ખ્યાલ આવ્યો. તે સાથે પૂ. મા પણ કેટલાં મહાન છે, તેની સમજ પૂ. ગુરુદેવે 'મા સર્વેશ્વરી—એક પરિચય' પુસ્તક પોતાના હાથે લખી આપણને આપી. વિચારો કે આ બે મહાન વિભૂતિઓ આપણા જીવનમાં ના આવી હોત, તો આપણે માનવજીવનની કયી કક્ષાએ ઊભા હોત!

અમારા એક ભાવિક જૈન મિત્રે અમોને વાતચીત દરમ્યાન કહેલું કે અમારા જૈન સંપ્રદાયમાં એવા પૂજનીય સાધુઓ અને મુનિઓ થયા છે, જેમને પાંચ, પચ્ચીસ કે સો જોજનની અનાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થયેલી હોય, સાચું છે આવા પુરુષો પૂજ્ય અને માનાર્હ છે. આપણે તેમને વંદન કરીએ. પરંતુ આવી એક સિદ્ધિ એ બહુ મોટી વાત નથી. સ્વામિનારાયણ સંપ્રદાયનો જેમને અભ્યાસ છે તેઓ સારી રીતે જાણે છે કે ગઢડાના દાદા ખાચરના દરબારમાં તેઓનાં બહેનો લાડુબા અને જીવુબા હતાં, તેઓ શ્રી સહજાનંદ સ્વામીનાં અનન્ય અને પરમ ભક્ત હતાં. તેઓએ કોઈ શાસ્ત્રોક્ત સાધના કે ઉપાસના કરી ન હતી. પરંતુ તેઓ સાચી રીતે મહારાજશ્રીના અનંત ઐશ્વર્ય અને સામર્થ્યને તેઓની હયાતી દરમ્યાન જ ઓળખી ગયેલાં. એટલે મહારાજશ્રીની કૃપાથી



તેઓને અનાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થયેલી. એના પરિણામે તેઓશ્રી ગમે ત્યાં વિચરતા હોય પરંતુ શ્રી લાડુબા અને જીવુબા તેઓને પ્રત્યક્ષ નિહાળી શકતાં. ગમે તેટલે દૂર રહીને પણ મહારાજશ્રીની દિનચર્યા નીરખી શકતાં. એક અવતારી પુરુષનું સામર્થ્ય કેવું હોય છે, તે દર્શાવવા આનું આલેખન અહીં કર્યું છે.

પરંતુ અમારા ગુરુ શ્રી યોગેશ્વરજીનું યોગ સામર્થ્ય કેટલું મહાન અને ઉચ્ચ હતું, તેની જાહેરાત તેઓએ સ્વમુખે કદી કરી નથી. પરંતુ જે ઘટનાઓ ઘટી, તે પ્રસંગો પરથી આપણને તેનો સહેજે ખ્યાલ આવી જાય. જો આપણે તે સમજતા હોઈએ તો.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં પૂ. માતાજી શ્રી ભીખીબાના સ્વર્ગવાસ પછી તેઓના પરિવારના સભ્યો અને આપ્તજનો સાથે, પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી ભારતનાં પુણ્યતીર્થોનાં શ્રી ભીખીબાનાં અસ્થિવિસર્જન માટે યાત્રા કરી રહ્યા હતા. આ યાત્રામાં પૂ. માના પૂર્વાશ્રમના સગાઓ શ્રી મોહનભાઈ ભક્ત અને શ્રી રમેશભાઈ ભક્ત પણ સામેલ હતા. યાત્રાના પ્રસ્થાન દરમ્યાન શ્રી રમેશભાઈને અમેરિકામાં વસતા તેઓના જમાઈ—ભારતીબેનના વરને કોઈ કારણસર મસ્તક પર ભારે ઈજાઓ થયાના સમાચાર મળેલા. તેમ જ તેઓને હોસ્પીટલમાં દાખલ કરવા પડયા છે, એવું જાણવા મળેલું.

આ જાણીને એક સ્વજન તરીકે તેઓને તેમની કુશળતાના સમાચાર જાણવાની જીજ્ઞાસા રહે અને તેની ચિન્તા પણ થાય; એ દેખીતું છે. પૂ. શ્રીએ યાત્રા દરમ્યાન એક દિવસ શ્રી મોહનભાઈને પૂછ્યું, "આ રમેશભાઈ કેમ થોડા ઉદાસ જેવા રહે છે?" એટલે શ્રી મોહનભાઈએ શું બન્યું છે, તેની બધી વાત કરી. પૂ. શ્રીએ એ

શાન્તિથી સાંભળી અને પછી બે મિનિટ આંખ મીંચીને બેસી રહ્યા. પછી શ્રી મોહનલાલને કહે, "અરે, રમેશભાઇને કહો કે હવે તેમના જમાઇને સારું છે. હોસ્પીટલથી ઘરે આવી ગયા છે અને અત્યારે ખુરસી ઉપર બેસી નાસ્તો કરી રહ્યા છે." શ્રી મોહન-લાલભાઇ માટે આ તદ્દન નવી વાત હતી. જે સહજતાથી પૂ. શ્રીએ આ વાત કરી તે આશ્ચર્ય પમાડે તેવી હતી. પાછળથી ફોન દ્વારા પરદેશ સંપર્ક કરતાં, તે સંપૂર્ણ યથાર્થ જણાયેલી. હવે આ અનાવરણ દૃષ્ટિ કેવી? કેટલા જોજનની કહી શકાય?

હવે પૂ. શ્રીની આર્ષદૃષ્ટિ વિષે જોઇએ. આર્ષદૃષ્ટિ એટલે ભવિષ્યને નિહાળી શકવાની શક્તિ. પૂ. શ્રી યોગેશ્વરજી ક્ષણભરમાં ઘણું બધું જાણી શકતા. મા જગદંબાની કૃપાથી તેઓશ્રીને આ સામર્થ્ય પ્રાપ્ત થયેલું. છતાં તે મહાપુરુષે કોઇ વિરલ પ્રસંગ સિવાય પોતાની આવી સિદ્ધિનો કદી પરિચય આમ સાધકોને થવા ના દીધો. જ્ઞાન અને શક્તિ હોય—તેને જીરવવું ખરે જ ઘણું કઠણ છે. પૂ. શ્રી કદીક હળવાશમાં કહેતા કે "આપણે જો ભૂત—ભાવિને જાણવાની શક્તિઓનું પ્રદર્શન કરતા ફરીએ તો ધનના તો ઢગલા થાય, પણ લોકો આપણને સુખે જીવવા ના દે. આપણું જીવવું હરામ કરી નાંખે."

પૂ. માતાજી જ્યોતિર્મયીના સ્વર્ગવાસ પછી પૂ. શ્રી મા સર્વેશ્વરી સાથે ભાવનગરમાં વિરાજતા હતા. તે પ્રસંગે બેંકમાં નોકરી કરતા મારા મોટા પુત્રની જૂનાગઢ બદલી થઇ. પૂ. માતાજીની માંદગીને લીધે તેનું જવાનું જો કે થોડું વિલંબમાં પડયું હતું. પરંતુ તે પહેલી જ વાર અમારાથી છૂટો પડી જઇ રહ્યો હતો, એટલે થોડું દુઃખ અમને થતું. છતાં એની કારકીર્દિનો સવાલ હતો. એટલે નાછૂટકે અમે સંમતિ આપી. પ્રસ્થાન કરતાં



પહેલાં તે તેના પરિવાર સાથે પૂ. શ્રીને વંદન કરવા ગયો. અમે પણ સાથે જ હતા. વંદન ઝીલતાં પૂ. શ્રી સહજ રીતે બોલ્યા, "રાજુભાઇ, ચાલો દસ વર્ષ બહાર જઇ આવો." આ સાંભળી અમને નવાઇ લાગી! પરંતુ જેમની આર્ષદૃષ્ટિને ભાવિનું કોઇ આવરણ નથી તે જ આવું કહી શકે ને?

બન્યું પણ એમ જ. ૧૯૮૦ ના ઓક્ટોબરમાં ભાવનગરથી તેને જવાનું થયું અને ૧૯૯૦ ના એપ્રિલમાં ફરી ભાવનગર આવી ગયા? કેવું અદ્‌ભુત? આવું જ શ્રી નટુભાઇ મહેતાના કિસ્સામાં પણ બન્યું. તેઓ ભાવનગર સ્ટેશને રેલ્વેમાં કામગીરી કરે. તેઓ ખૂબ ભાવિક અને સેવાપરાયણ.

પૂ. શ્રી એકવાર વડોદરામાં શ્રેયસ સાધક અધિકારી સંઘના શ્રીમદ્ નૃસિંહાચાર્યજીના કારેલી બાગના આશ્રમમાં વિરાજી રહ્યા હતા. શ્રી નટુભાઇ તે પ્રસંગે પૂ. શ્રીના દર્શને ગયેલા. વાતવાતમાં પૂ. શ્રીના પ્રસ્થાનની અને રીઝર્વેશન અંગેની વાત નીકળી. પૂ. શ્રીએ કહ્યું, 'અરે નટુભાઇ, તમે તો રેલ્વેના કર્મચારી. જરા અમારા રીઝર્વેશનનું કંઇ થાય તો કરાવી આવોને?' શ્રી નટુભાઇએ કહ્યું, "અહીં મારી તો કોઇ ઓળખાણ નથી. છતાં લાવો જઇ આવું." અને તેઓ ગયા. પ્રભુકૃપાથી રીઝર્વેશન મળી ગયું. તેઓ તે લઇ પૂ. શ્રી પાસે આવ્યા ત્યારે હસતાં હસતાં તેઓશ્રીએ કહ્યું, "નટુભાઇ, તમે વડોદરામાં રહેવા આવી જાઓ તો કેવું સારું? અમને કદીક કામ લાગો."

શ્રી નટુભાઇએ નમ્રતાથી કહ્યું, "મહાત્માજી, આ રીઝર્વેશન મેળવવામાં મારી કોઇ ઓળખાણે કામ કર્યું નથી. એમ જ આપની કૃપાથી મળી ગયું છે, અને મહાત્માજી હું તો ભાવનગર

રેલ્વેનો એક સામાન્ય કારકુન. વડોદરામાં આવીને શી રીતે રહી શકું! અહીં મકાનો જ કેટલાં મોઘાં!"

પૂ. શ્રીએ તુરત જ કહ્યું, "તમે ભલે ભાવનગરમાં કારકુન રહ્યા, પણ ભગવાન ધારે તો તમને વડોદરામાં લાવીને વસાવી શકે. ખરું કે નહિ!"

શ્રી નટુભાઇને તે દિવસે ક્યાંથી કલ્પના પણ આવી શકે કે પૂ. શ્રી તેઓના ભવિજીવનની સહજ રીતે આગાહી કરી રહ્યા છે!

કેટલાંક વર્ષો પછી શ્રી નટુભાઇના પુત્રને વડોદરામાં એક મોટી કંપનીમાં ઓફિસરની જગા મળી અને એ જ કારેલી બાગ વિસ્તારમાં તેઓ ફ્લેટમાં રહેવા ગયા. વર્ષો પહેલાંના પૂ. શ્રીએ સહજરીતે કહેલાં એ વચન સત્ય થઇને રહ્યાં.

આવા એક મહાસમર્થ પુરુષ સાથે આપણે રહ્યા, જીવ્યા, સાથે હર્યાફર્યા પરંતુ તેઓની આંતરિક મહત્તાને પૂરેપૂરી ના ઓળખી શક્યા. એમની મહાનતા તો હિમાલય જેટલી ઉત્તુંગ હતી, પરંતુ તળેટીમાં વસવા ટેવાએલા આપણી દુન્યવી નજર એ ઉત્તુંગ શિખરોને શી રીતે જોઇ શકે? ખરે ના જ જોઇ શકે.

આજે એ મહાપુરુષ આપણી વચ્ચે સ્થૂલ સ્વરૂપે નથી. પરંતુ તેઓની હાજરીની હૂંફ જીવનની હર કટોકટીની પળે વરતાય છે. લાગે છે કે કોઇ પોતાના હજારો હાથો વડે આપણી રક્ષા કરી રહ્યું છે. આપણા જીવન ઉપર એમની બાઝ નઝર મંડાયેલી છે અને આપણા જીવનપથ પર પ્રકાશનાં પૂંજ વેરતી આપણો માર્ગ અજવાળી રહી છે. ચાલો, આપણે એ મહાપુરુષને શરણે જઇએ અને પ્રભુને પ્રાર્થના કરીએ કે પ્રભુ, અમારા એ ગુરુદેવનું સતત સ્મરણ અમને થતું રહે. તેઓનું સ્વરૂપ અમારા અંતરના



અંધકારને વીદારતું—અખંડ જ્યોત્‌ની જેમ, અમારા હૃદયમાં પ્રકાશતું રહે, એવી કૃપા કરજો.

આજના એમના મંગલ પ્રાકટ્યદિને આથી વધુ રૂડું આપણા માટે બીજું શું હોઇ શકે! વંદન હો એ મહાપુરુષને અને પૂ. મા શ્રી સર્વેશ્વરીને. ચાલો, આપણે એ મહાપુરુષના ઋણને અદા કરવા, એમના કાર્યને યથાશક્તિ આગળ ધપાવવા આજના દિને સંકલ્પબદ્ધ થઇએ.

O

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS: 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
—: બનાવનાર :—

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# કબીર સુધા

**પરમાર્થી**

એક સજ્જને નવા વર્ષે અચાનક પ્રશ્ન કર્યો : 'ઈશ્વરભાઈ, આધ્યાત્મિક ક્ષેત્રે, તમે કેટલી પ્રગતિ કરી? જો જણાવી શકાય એમ હોય તો જણાવો!' મેં કહ્યું કે 'ભાઈ, તમારો પ્રશ્ન વિચારણા માગી લે એવો છે. છતાં તાત્કાલિક થોડા શબ્દોમાં કહેવા પ્રયત્ન કરીશ. કહેવા માટે મને કોઈ સંકોચ નથી. કારણ કે તમે મારા મિત્ર છો. તમારા પ્રશ્નથી મને ખૂબ આનંદ થયો. મને કોઈએ પણ આવો પ્રશ્ન કદી કર્યો નથી. એક તમે જ નીકળ્યા અને તે પણ નવા વર્ષના શુભ દિને. તેથી ખૂબ પ્રસન્નતાથી મારી થોડી અંગત વાત જણાવીશ.' મેં મારી વાત સંક્ષેપમાં તે ભાઈને નીચે પ્રમાણે જણાવવા પ્રયત્ન કર્યો.

ખરેખર મેં કશી જ પ્રગતિ કરી નથી. એક ડગલું પણ આગળ ધપી શકાયું નથી. પૂજ્ય યોગેશ્વરજીની હાજરીમાં પણ મારી પ્રગતિ ગોકળ ગાયની ગતિએ જ થતી હતી. પૂજ્યશ્રી ગયા પછી તો જાણે એક ડગલું પણ આગળ ચલાયું નથી. કારણ તપાસું છું ત્યારે મને પેલું પ્રસિદ્ધ પદ યાદ આવ્યા વિના રહેતું નથી. "મો સમ કૌન કુટિલ ખલ કામી?" મનનો સ્વભાવ સાવધાન પણે બદલવા કાયમ પ્રયત્ન કરું છું. ઉદારતા, સહિષ્ણુતા, ક્ષમા, પ્રેમ જેવા સદ્‌ગુણો વધારવા માટે સજાગપણે નિયમિત પ્રયત્ન કરું જ છું. છતાં કામી સ્વભાવ પુરુષાર્થને ઘણીવાર મંદ બનાવી દે છે. હા, આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધવાની ઝંખના



જરૂર છે. ને માટે મહેનત પણ કરી છે ને કરતો રહુ છું. છતાં સફળતાનું સદ્‌ભાગ્ય મને હજી પ્રાપ્ત થયું નથી. મારો મનોભાવ મેં વર્ષો પહેલાં એક ગીતમાં અભિવ્યક્ત કર્યો છે.

ચલો ચરણ હજૂ આઘે!<br>
દૂર, હજી ઘણું દૂર, જહીં નિત<br>
વેણ વ્હાલમની વાગે!<br>
ચલો ચરણ હજી આઘે!

પુરુષાર્થ પ્રમાણમાં ઘણો પાંગળો પડે છે. પરિણામે સદ્‌ગુરુ કબીર સાહેબ કહે છે તેમ મારાથી પ્રારંભના બે દુર્ગમ ઘાટ જ પાર કરી શકાયા નથી–

ચલો ચલો સબ કોઈ કહૈ, પહુંચે બિરલા કોય<br>
એક કનક ઔ કામિની દુરગમ ઘાટી હોય.

અર્થાત્ ઘણા માણસોને કલ્યાણની ઈચ્છા તો જાગે છે તેથી કહ્યા કરે છે કે ચાલો, ચાલો પરંતુ મંઝિલ સુધી તો વિરલ વ્યક્તિ જ પહોંચી શકે છે, કારણ કે કનક તથા કામિનીના બે દુર્ગમ ઘાટ પાર કરી શકાતા નથી. કનક અને કામિની માયાનું પ્રતીક ગણાય. મારા જેવા સંસારીઓની તે માયા તો કસોટી જ કર્યા કરતી હોય છે. આજ દિન લગી હું તો નપાસ જ થયો છું! ઈ. સ. ૧૯૮૩ માં પૂજ્ય યોગેશ્વરજીએ ગંગોત્રીની યાત્રામાં લઈ જઈને મારી ભારે કસોટી કરી દીધી હતી. યાત્રાને અંતે અમે બધા મસૂરી જતા હતા. પૂજ્યશ્રીએ મને એક અઠવાડિયું મસૂરી રોકાય જવાની સૂચના કરી. કલ્યાણ પણ રોકાશે એવું કહ્યું હતું. તેથી મેં પણ હા ભણી હતી. અમે મસૂરી પહોચ્યા તો ખરા, પણ પ્રથમ રાતે જ મારા મનમાં ભારે ઘમસાણ મચ્યું! કપુરાનું ઘર, ખેતી, વરસાદ

ઋતુની તૈયારી, ઘણાં કામો બાકી, શું થશે? વિગેરે વિચારોએ મારો કબજો લઇ લીધો. ઠંડીના ચમકારાએ પણ મને ચમકાવ્યો હતો. મસૂરીના બજારના વૈભવ વિલાસના દૃશ્યોએ પણ મને હલાવી નાખ્યો હતો. રાતે ઉંઘ ન આવી. મનમાં કપુરા ભાગી જવાના વિચારોએ જોર પકડયું. એટલે સવારે મેં પૂજ્યશ્રીને મારો ફરી ગયેલો નિર્ણય જણાવી પણ દીધો. પૂજ્યશ્રીએ સૌને ઘરે જવાની રજા તો આપી દીધી હતી, પણ મને અને કલ્યાણને સાથે રાખવા માંગતા હતા. સાથે રાખીને આધ્યાત્મિક રીતે લાભ આપવાનો ઇરાદો પણ જાણી શકાયો હતો પણ દુર્ભાગી જીવની કરુણતાની શી વાતો કરવી? ત્યાંથી ભાગી આવ્યો; ઘરે આવીને ભાન થયું કે મેં અપૂર્વ અવસર ગુમાવ્યો. ત્યારે ખૂબ રડયો. ખૂબ પસ્તાવો થયો. પણ અફસોસ, ગુમાવેલી તક વળી પાછી કોઇને મળતી નથી! ત્યાર પછી માત્ર દસ જ મહિનામાં પૂજ્યશ્રીએ પોતાનો દેહ છોડી દીધો હતો. મારી હાલત કફોડી થઇ ગઇ! હવે પૂજ્યશ્રી પણ નથી. પુરુષાર્થ કરવામાં તો સાવ નિર્બળ! પરિણામે કરોળિયા જેવી દશાનો અનુભવ થયા કરે છે. કરોળિયો ઉપર ચઢે ને પડે તેમ મારી ગતિ પણ થયા કરે છે. કનક ને કામિનીના દુર્ગમ ઘાટ પસાર નથી કરી શક્યો તે એકરાર કરતાં થોડી શરમ પણ અનુભવું છું. પણ શું થાય?

માયા તો હૈ રામકી મોહી સબ સસાર,
જાકો ચિઠ્ઠી ઊતરી સોઇ ખરચન હાર!

અર્થાત્ માયા છે તો ભગવાન રામની. આખો સંસાર તે દ્વારા મોહિત થાય છે. છતાં તે સૌને રીઝવે છે. જેની ચિઠ્ઠી નીકળે તેનું સદ્‌ભાગ્ય ખૂલી જાય છે. ત્યારે તે જીવને માયાની સમૃદ્ધિ માણવાની સુંદર તક મળે છે. મારા પ્રારબ્ધમાં તેવી સોનેરી તક



હજી સુધી મળી નથી તેથી માયાના પ્રભાવ હેઠળ હજી સુધી અટવાયા જ કરું છું. પૂ. મા સર્વેશ્વરીનો જ્યારે વિચાર કરું છું ત્યારે અપાર આશ્ચર્યનો અનુભવ કરું છું. તેઓ કેટલા મોડા નીકળ્યાં છતાં તેઓ કેટલાં વહેલાં સીધાં ચઢાણ ચઢી ગયાં! સડસડાટ ચઢી જઇને આજે તો વિજયપતાકા ફરકાવી રહ્યાં છે! તેમની ચિઠ્ઠી નીકળી એટલે બિચારી માયા પણ શું કરી શકે? તેમના પર અહોરાત પ્રભુના અનુગ્રહની વર્ષા જ થયા કરતી હોય ત્યાં માયાને દાસી બની સેવા કરવી પડે છે! માયા તેનું બગાડી પણ શું શકે?

જિનકો સાંઇ રંગ દિયા, કભી ન હોઇ કુરંગ
દિન દિન બાની આગરી ચઢૈ સવાયા રંગ.

અર્થાત્ જેને પ્રભુએ જ પોતાના રંગે રંગી દીધા હોય તે કદી કુરંગ બની જ ન શકે! એની કાન્તિ તો દિવસે દિવસે ઉત્તમ થતી જ રહેવાની. એને લાગેલો પ્રભુનો રંગ સવાયો જ બને છે! જ્યારે અમારા જેવાને લાગેલો રંગ ક્યારે કુરંગમાં ફેરવાય જાય તે કહેવાય જ નહિ. ગુરુની કૃપાનો લાભ ન લઇ શકનાર જીવનું સામર્થ્ય પણ કેટલું! તેવા જીવે તો માયાના દાસ બનીને સેવા કરવી પડતી હોય છે! અમારા જેવા લોકોની દશા કબીર સાહેબે સરસ ને સચોટ વર્ણવી છે :

માયા કે ઝક જગ જરૈ કનક કામિની લાગી,
કહ કબીર કસ બાંચિહૈ રૂઇ લપેટિ આગિ!

માયાની ધૂનને લીધે જ અમારા જેવા જીવો જગતમાં કનક અને કામિની માટે બળ્યા કરે છે. આગથી ઘેરાયેલું રૂ કેવી રીતે બચી શકે? ગુરુની આજ્ઞાનો ભંગ કરનાર અપરાધી જીવ માયાના પ્રભાવથી નહીં બચી શકે. મા સર્વેશ્વરી જેવી વિભૂતિ બચી શકે

કારણ તેમણે પ્રારંભથી જ સર્વ સમર્પણભાવે પ્રભુની શરણાગતિ સ્વીકારી લીધી હતી. સીધાં ચઢાણ ચઢીને તેમણે પોતાનામાં રહેલું અનંત સામર્થ્ય જગતને બતાવ્યું ગણાય. જ્યારે મેં કનક અને કામિનીના ઘાટ પર અટવાઈને મારી નિર્બળતા જ પ્રદર્શિત કરી ગણાય! મહર્ષિ પતંજલિએ ઠીક જ કહ્યું છે કે જેના હૃદયમાં તીવ્ર સંવેગ જાગે છે તેને સત્વર સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે— **तीव्रसंवेगानामासन्नः** એવું સૂત્ર લખી આધ્યાત્મિક માર્ગે કોણ જલદી સફળતાની મંઝિલ સર કરી શકે તેનું સુંદર માર્ગદર્શન આપ્યું છે. દૃઢ મનોબળ, સંકલ્પોની દૃઢતા અને પ્રબળ પુરુષાર્થ "તીવ્ર સંવેગ" શબ્દોમાં અભિવ્યક્ત થાય છે. પૂ. માના હૃદયમાં તીવ્ર સંવેગ વહેતો હતો તેથી તેઓ આધ્યાત્મિક ક્ષેત્રે અમૃત પામી શક્યાં એટલું જ નહીં, પણ બીજાને પણ તેઓ પીવડાવી શકે એટલું સામર્થ્ય પ્રાપ્ત કરી શક્યાં. આધ્યાત્મિકતાનું શિખર સર કરવું અતિશય કઠિન કાર્ય ગણાય. કબીર સાહેબે માર્ગની કઠિનતા સરસ રીતે વર્ણવી છે :

ઘર કબીરકા શિખર પર, જહાં સિલહિલી ગૈલ,
પાય ન ટિકૈ પિપીલિકા ખલકન લાદૈ બૈલ!

અર્થાત્ કબીરની મંઝિલ તો ઊંચે શિખર પર છે. ત્યાં જવાની કેડી ભીની ને લપસણી છે. ત્યાં કીડીનો પગ પણ ટકી શકતો નથી. છતાં દુનિયાના લોકો તો ગાડાં ભરી ભરીને ત્યાં જવા નીકળે છે! જે કામિની અને કાંચનનો ઘાટ પસાર ન કરી શકે તે સ્હેજે ભીની અને લપસણી ભૂમિ પર સરકી પડી જાય! કીડીનો પગ ટકી શકતો નથી એટલે ત્યાં પોતાની અંગત વસ્તુ રાખવાની સ્હેજ પણ જગ્યા નથી. ત્યાં પહોંચનાર તો સર્વભાવે સમર્પણ કરી દે છે તેથી તેનું પોતાનું બાકી કાંઈ રહેતું નથી. સાંજે શું



ખાવાનું મળશે તેની પણ ચિંતા નહીં, રાતે ઓઢવાનું મળશે કે નહિ તેની પણ પરવાહ નહિ અને સવારે શું કરીશ તેની પણ તમા નહિ. કારણ કે સર્વભાવે શરણાગતિ સ્વીકારી લીધી હોય! તેવા શરણાગત ભક્તની મનોકામના શી હોય શકે? તેના મનોરથ કેવા હોય શકે? અમારા જેવાની મનોકામના જ પુષ્કળ એટલે મનોરથનો ભાર વધારે પડતો. કારણ કે કનકકામિનીનો ઘાટ પસાર કર્યો નથી હોતો. એટલે સંપૂર્ણ શરણાગતિનો ભાવ હૃદયમાં જાગતો નથી. એટલે ગાડાં ભરી ભરીને જનારનું પ્રથમ તબક્કે જ પતન થાય! આવી છે મારી શ્રેયયાત્રાની કરુણ કથની! હા, હજી મનથી હાર્યો નથી. મથામણ ચાલુ જ છે. ગીતા કથન કેટલું બધું વાસ્તવિક છે તેનો અનુભવ હું કરી રહ્યો છું :

પ્રયત્ન ખૂબ કર્યા થકી મેલ હૃદયના જાય,
એમ ઘણા જન્મે પછી સિદ્ધ યોગમાં થાય.

મારા તો આવા કેટલા જન્મ જશે?

●

## ચૂંટેલા પુષ્પો

ઈશ્વર પછી આપણે સહુથી વધારે આભારી માનો છીએ. ઈશ્વરે આપણને જિંદગી આપી એટલા માટે અને માએ આપણને એ જિંદગી જીવવા યોગ્ય બનાવ્યો એટલા માટે.

* * *

માણસ બધું જ સહી શકે પણ સ્વજનોની ઉપેક્ષા [illegible] સહી શકતો.

## રીઝે સ્મરણથી શ્રીહરિ

ભવ-જિંદગીને પાર કરવા સ્મરણ એ નૌકા ખરી!
સરળ સાધન ના બીજું, રીઝે સ્મરણથી શ્રીહરિ!
હરિનામ-ગુણ ચિંત્વન થકી, ગુણ-સંપત્તિ ખીલતી રહે,
ને, ત્યમ જીવન માંગલ્યની,-ઇચ્છા બધી ફળતી રહે!

## ઘટ સાથે ઘડાયેલાં

ઘટ સાથે ઘડાયાં જે, સ્વ-જનોને સહી લેજે!
પ્રભુના આ પ્ર-યોજનને, તપશ્ચર્યા ગણી લેજે!
બધાંને ચાહી-ચાહીને, કૂણાં કોમળ કરી દેજે,
ને, 'ઋણાનુબંધ'નું ખાતું, સવાયું ચૂકવી દેજે!

## ટીકા - નિંદા

કરે કોઈ ટીકા-નિંદા તમારી-ધ્યાન પર લેશો!
અગર તે વાત સાચી તો,-સ્વીકારી શાન્તિથી લેશો!
ખૂણા ખોળી, વિરોધી જન, તમોને આઈનો ધરતા-
હિતસ્વી તો ખરા એ છે, તમારા દોષને હરતા!

— રતિલાલ ભાવસાર



## સાચું શરણ

કે શરણું હરિવરનું સાચું;
બાકી બધુંય કાચું
એના અનુગ્રહને હું યાચું:
કે શરણું ગિરિધરનું સાચું.

વિરલ જનમ દીધો માનવનો
જનમ જનમને યોગે;
અમૂલખ રતન ગુમાવે, મૂરખ!
કોડી જેવા ભોગે!
ભોગે રોગ, ભીતરને ભેદો
બાહિર શીદને રાચું?
કે શરણું હરિવરનું સાચું.

આ મધલાળ મહીં લબદાયે
એનો અન્ત ન આવે;
તૃષ્ણા તરૂણી ક્ષણ ક્ષણ બહુવિધ
મોહક રૂપ બતાવે;
આગ લગી ત્યાં કૂપને ખોદે!
નાહક શીદને નાચું?
કે શરણું ગિરિધરનું સાચું
કે શરણું હરિવર કેરું સાચું.

— ડો. રણજિત પટેલ (અનામી)

## વિભુવરને અરજ

(ગાન)

મનડું એવું દે,
વિભુવર, મનડુ એવું દે.
રાગ ન રાખે, દ્વેષ ન રાખે,
ફૂલડાં સમ બસ રહે,
ફરજ બજાવી રહે–
વિભુવર, મનડું એવું દે.
વિભુના સ્મરણે રાચે નાચે,
દુનિયા શું પર રહે,
વસંત શું બસ મ્હોરે ફોરે,
સહુને શાતા દે–
વિભુવર, મનડુ એવું દે.
જગ સૌન્દર્યે નિતનિત ન્હાયે,
મુનિ શું પુનિત રહે,
સુખદુઃખની એ તમા કરે ના,
શિશુ શું મસ્ત રહે–
વિભુવર, મનડું એવું દે.
પંખી કલરવ શું એ હરખે,
મહેરામણ શું રહે,
વાદળ શુ એ આપી રાચે,
યોગેશ્વર–રત રહે–
વિભુવર, મનડું એવું દે.

— ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



## રડવાની ટેવ પાડો

પ્હેલાં વરાળ થઇને ચડવાની ટેવ પાડો,
પાણી બની પછીથી પડવાની ટેવ પાડો.

પગ મૂકો કંટકો પર, આંધીને બાથ ભીડો,
અનુભવની એરણે મન ઘડવાની ટેવ પાડો.

પ્રીતિના દાવ ખેલી દુશ્મનના દિલને જીતો,
પોતાની જાત સાથે લડવાની ટેવ પાડો.

ઉપકાર નિજ વિસારી, ઉપકાર પારકાના–
અંતર વિશે તમારા જડવાની ટેવ પાડો.

બર આવવા ન દેજો મેલી મુરાદ કોઇની,
જગને નડે જે તેને નડવાની ટેવ પાડો.

ભટકે–ભમે જે તેને ભટકાઇ જાય ભગવાન,
વન–વગડે, પર્વતે આથડવાની ટેવ પાડો.

ચેતન ન દેજો સરવા–રાખીને હરતું–ફરતું,
નિષ્ક્રિય થઇ જઇ, ના સડવાની ટેવ પાડો.

સંકટના હોય સામૈયા તોરણે હરખનાં,
કિસ્મત, પરાયાં દુઃખે રડવાની ટેવ પાડો.

— કિસ્મત કુરેશી

# પાથેય

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

આકાશને જેમ આંખોમાં સમાવી શકાતું નથી તેમ પરમાત્માની વિભૂતિ સમા પરમપુરુષોની જીવનલીલાનો પાર પામી શકાતો નથી. આપણે પાથેયના પ્રસંગોમાં પૂ. યોગેશ્વરજીના લીલાપ્રસંગોનો આસ્વાદ માણીએ છીએ. અખૂટ પ્રેરણાના પરબ સમા તેમના જીવનને સ્થળ કાળ કે મૃત્યુનાં બંધન હોતાં નથી. મૃત્યુની આરપાર તેઓ જઇ શકે છે અને જોઇ પણ શકે છે. જીવોના કલ્યાણ માટે આ જીવન પૂરતી જ તેમની શક્તિ સીમિત નથી હોતી, મૃત્યુ પછી પણ જીવોના ઉદ્ધારમાટે તેમની દિવ્યશક્તિ કાર્યરત હોય છે. પાર્થિવ શરીરના પરિત્યાગ પણ પ્રકટે છે, દર્શન આપી અધ્યાત્મપંથે દોરે છે. પૂ. યોગેશ્વરજી એ પોતાની જીવનલીલા દરમ્યાન અને લીલાસંવરણ પછી પણ અનેક પ્રસંગોએ ઉદાત્ત, કલ્યાણકારી કરૂણાસભર જીવનદૃષ્ટિનો પરિચય કરાવ્યો છે. જીવો પરમપંથે વળે, અધ્યાત્મમાર્ગના અનુરાગી થાય. દૈવી પ્રેમ અને કરુણાથી જીવન ભર્યું ભર્યું બને એ માટે તેમની કરુણા સદાય વહેતી રહે છે, તેમની કરુણાસભર કલ્યાણમયી જીવનદૃષ્ટિને લીધે લૌકિક તેમ જ પારલૌકિક જીવનનું બંધન તેઓ સ્વીકારતા નથી. જીવોના ઉદ્ધાર માટે પરમાત્માની પ્રેમગંગા સદાય અવિરત વહ્યાં કરે છે. પરમાત્માની વિભૂતિ સમા અનેક પરમપુરુષો આ પૃથ્વીપરે પ્રકટીને વિદાય થઇ ગયા છે, પરંતુ તેઓની કલ્યાણમયી શક્તિ આજે પણ એટલી જ કાર્યરત છે.



પૂ. યોગેશ્વરજી આજે પણ પ્રકટ છે. તેની પળેપળની સાક્ષી પૂ. મા સર્વેશ્વરીનું જીવન આજે પણ પૂરે છે. પૂ. માનુ અખૂટ શ્રદ્ધાનું બળ એ પ્રકટ શક્તિનો પૂરાવો છે.

મારું જીવનગાડું હાંકે હરિ,
શ્રદ્ધાભરી જોઇ લો જરી.

મહાપુરુષોનું જીવન પ્રકટ અપ્રકટ થતુ લાગે છે, પરંતુ તેમની ચૈતન્ય શક્તિ સદાય કાર્યરત રહે છે. આ ચૈતન્યનો ઝરો જેમને હાથ લાગી જાય છે તેમને પછી કોઇ અભાવ રહેતો નથી. પૂ. માના સદાય ઉપવાસી શરીરનુ ચાલક બળ આજ પરમશક્તિ છે. પૂ. માને શક્તિનો આ અખૂટ સ્રોત હાથ લાગી ગયો છે. એટલે તેઓ નિશ્ચિત બની ગયાં છે.

મારા જીવનમાં હવે આવ્યા હરિ;
હું તો સહેજે ભવસાગરને તરી.

પૂ. યોગેશ્વરજીએ પોતાના પાર્થિવ શરીરના પરિત્યાગ પછી દિવ્યસ્વરૂપે અનેક અનુભૂતિઓ પૂ. માને આપી છે, એટલું જ નહીં પણ સદેહે ફરી પ્રકટીને સાક્ષાત્ દર્શન પણ આપ્યાં છે. પૂ. મા એ દિવ્યદર્શનની વાત કરતા કહે છે "કપૂરામાં અમારા ઉતારાના સ્થાનમાં એક દિવસ વહેલી સવારે અમે વોશ બશીન પર બ્રશ કરી રહ્યાં હતાં, ત્યાં કોઇ દૈવી પ્રેરણા થતાં અમે પાછળ જોયું. તો અમારાથી થોડે જ દૂર પૂ. યોગેશ્વરજી મધુર હાસ્ય વેરતા ઊભા હતા. પછી ધીમે ધીમે પાછળ ચાલતા મારી નજરની સામે જ અદૃશ્ય થઇ ગયા. વચ્ચે દિવાલ હતી, પરતુ તેની આરપાર પૂ. શ્રીને અમે સ્પષ્ટ જોઇ શક્યાં."

પરમપુરુષોને મૃત્યુના બંધન ક્યાં નડે છે? તેઓ દિવ્ય

અનુભૂતિઓ આપે છે ફક્ત જીવોના કલ્યાણ માટે. સૂક્ષ્મ સ્વરૂપે પ્રકટે છે તે પણ પરમપંથે દોરી જવા માટે. ભૌતિક જીવન પૂરતો જ જીવનનો વિકાસ નથી, પરંતુ એ જ ભૌતિક જીવનને દિવ્યતાનો સ્પર્શ આપી જીવનનો સંપૂર્ણ વિકાસ સાધી પરમોચ્ચ અવસ્થાએ પહોંચી શકાય છે. એ અવસ્થાએ બિરાજી એ પરમશાંતિનો અનુભવ સૌ કરતાં થાય તેવી કલ્યાણમયી દૃષ્ટિ મહાપુરુષોની હોય છે. ગોપીઓથી માંડીને અત્યારસુધી અનેક જીજ્ઞાસુ જીવોને આ પરમ અવસ્થાએ આસીન કર્યા છે. પરમ-શાંતિની રસલ્હાણ લૂંટતા કર્યા છે. પરંતુ આ માટે પરમપુરુષોના શ્રી ચરણોમાં શ્રદ્ધા પ્રકટવી જોઈએ. એકવાર આવી શ્રદ્ધા પ્રકટી જાય તો બેડો પાર થઈ જાય છે. પછીની બધી જ બાજી તેઓ સંભાળી લેતા હોય છે.

આપણે અહીં એવા એક સાધકની વાત કરવાના છીએ કે જેની બાજી પ્રભુએ સંભાળી છે. એમનું નામ શ્રી શાંતિભાઈ કનેરીયા! પૂ. યોગેશ્વરજીની કલ્યાણમયી દૃષ્ટિ અને પરમકૃપાના તેઓ મૂર્તિમંત્ર સ્વરૂપ છે. મહાપુરુષ જીવનની બાજી સંભાળે તો જીવનનું કલેવર કેવું બદલાઈ જાય છે, તેના તેઓ પ્રતીક છે. પૂ. યોગેશ્વરજીના અધ્યાત્મ સંસ્કારોનું તેઓ જીવંત શીલ્પ છે. કૃપાપાત્ર જીવોપર એ પરમપુરુષ કૃપાના કેવા પહેલદાર પાસા કંડારે છે અને જીવનનો કેવો બેનમૂન ઘાટ ઉતારે છે તે શાંતિભાઈના જીવન ઝવેરાતમાં જોઈ શકાય છે. પૂ. યોગેશ્વરજીએ કૃપાપાત્ર સાધકના જીવનપોતના તાણાવાણા કેવા મજબૂત અને અદ્દ્ભુત રીતે વણ્યા છે તેની પ્રેરણાદાયી કથા સાંભળીએ.

શ્રી શાંતિભાઈએ પોતાની ઉગતી યુવાનીમાં રાજકોટમાં ઓઈલ એન્જીનનો ધંધો શરૂ કર્યો. સામાન્ય ભણતર પરંતુ



ગણતરનું પોત મજબૂત. ખંત, ઉત્સાહ અને કામમાં મંડયા રહેવાની સ્વભાવગત આદતને લીધે ધંધાને તરતો કર્યો. પરંતુ આ ભૌતિક પ્રગતિની સાથે સાથે આધ્યાત્મિક સંસ્કારોની ગતિ પણ ચૂપચાપ થવા લાગી. આધ્યાત્મિક સંસ્કારો ફક્ત મંદિર અને માળામાં નથી સમાઈ જતાં. તે તો અંતરમાં ઉદય પામે છે. પૂર્વના રોપાયેલાં સંસ્કાર બીજ પ્રકટ થાય છે અને અજાણપણે પણ કાર્યરત થાય છે. શ્રી શાંતિભાઈના જીવનમાં પણ તેમના પૂર્વ-જન્મના આધ્યાત્મિક અંકુરો પોતાનું પોત પ્રકાશવા માંડયા. ચોવીસે કલાક ઓઈલ એન્જીનના ધંધામાં રચ્યાપચ્યા રહેતા અભણ જેવા માણસને પરમહંસ શ્રી રામકૃષ્ણદેવનું સાહિત્ય વાંચવાની ઈચ્છા થાય તે એક કૌતુક જ ગણાયને? નથી મંદિરે જતા, નથી માળા ફેરવતા, છતાં રાજકોટમાં આવેલા શ્રી રામ-કૃષ્ણદેવના સ્થાનમાં તેમના પગને કોણ વાળે છે? શ્રી રામ-કૃષ્ણદેવ પ્રતિ પોતાના ઈષ્ટદેવ જેવો ભાવ કોણ જગાડે છે? ધંધામાંથી સમય કાઢીને એક સાહિત્ય રસિકની અદાથી શ્રી પરમહંસદેવના જીવનપ્રસંગો વાંચવાની રૂચિ કોણ જગાડે છે? એટલું જ નહીં પરંતુ શ્રી પરમહંસદેવના બધાં જ પુસ્તકો પોતાને ત્યાં વસાવી તેના અધ્યયનમાં ધ્યાનની જેમ ડૂબી જવાનો આનંદ અંતરે કોણ સ્ફુરાવે છે? આધ્યાત્મિક સંસ્કારોની પ્રવાહિતાનું અનુસંધાન આ જન્મમાં પણ કોણ રેલાવે છે? કોણ છે એ પરમપ્રેમના પોષક! ગદ્દગદિતભાવથી શ્રી પરમહંસદેવના દર્શનની તૃષા કોણ જગાડે છે? અલબત્ત એ પરમપ્રેમમૂર્તિ ઠાકુર જ છે. પરંતુ ઠાકુર જ શા માટે? શા માટે ઠાકુરની જ દિવ્યમૂર્તિ અંતરમાં વસી ગઈ? આ વાત આપણે આગળ કરવાના છીએ.

દરમ્યાનમાં શ્રી શાંતિભાઈએ ધંધામાં સારી પ્રગતિ કરીને

ભૌતિકરીતે સંપન્ન થયા છે. સ્વતંત્ર મકાન વસાવી ગુણીયલ ગૃહિણી તથા સંતાનોના કિલ્લોલ વચ્ચે ભર્યાભાદર્યા ગૃહસ્થ જીવનનો આનંદ ઠાકુરની કૃપાથી માણી રહ્યા છે. મોટરમાં હરતાફરતા થયા છે, સુખસંપત્તિની મણા નથી. જીવનની તમામ સુખ સુવિધાઓ સાથે ગૃહસ્થ જીવનની શાંતિ શ્રી ઠાકુરે તેમને બક્ષી છે. લક્ષ્મીજી સાથે નારાયણ પણ ઠરીને ઠામ થયાં છે. શ્રી ઠાકુર જાણે કૃપાછત્ર તેમના ઉપર ધરીને હરપળે ઝળુંબી રહ્યા છે! સુખસંપત્તિ વચ્ચે શ્રી શાંતિભાઇ શ્રી ઠાકુરને ભૂલ્યા નથી, તેમ કહેવા કરતાં શ્રી ઠાકુરની કૃપાએ તેમને સંપત્તિની આછકલાઇથી અળગા રાખ્યા છે. શ્રી શાંતિભાઇમાં સંસ્કારગત સાદાઇ અને સરળતા છે. સાહ્યબીનો નશો તેમને ક્યારેય ચડયો નથી. હું બીજાથી મોટો છું એમ તેઓ માની શકતા નથી. પાંચહજારનો પગારદાર જે રોફથી જીવે છે તેવો રોફ તેમના મુખારવિંદ પર ક્યારેય ફરક્યો નથી. શ્રી ઠાકુરની કૃપાએ, તેમને સંપત્તિની લપસણી ભૂમિ પર લપસવા દીધા નથી. અલબત્ત જેમ જેમ શ્રી લક્ષ્મીજીની કૃપા વધતી ગઇ તેમ તેમ શ્રી નારાયણની ભક્તિ પણ વધતી ગઇ. લક્ષ્મી અને નારાયણ વચ્ચે જાણે સ્પર્ધા ચાલી! લક્ષ્મીજી આવતાં ગયાં તેમ તેમ શ્રી શાંતિભાઇનું જીવન વધુ ને વધુ શ્રી ઠાકુરમય બનતું ગયું! શ્રી ઠાકુરના લીલાપ્રસંગો તેમને કંઠસ્થ થઇ ગયા છે! શુષ્ક એવા ઓઇલ એન્જીનના ધંધા વચ્ચે પણ શ્રી ઠાકુરની ભક્તિની હરિયાળી વધતી ગઇ!

પરમપુરુષને શરણે એક વખત જીવ જાય, અને તેમનાં શ્રી ચરણોમાં શ્રદ્ધાભક્તિ જાગે તો પણ તેઓ જીવનનો હાથ ક્યારેય છોડતા નથી. શ્રી ઠાકુરની ખરી કૃપાનો ચમત્કાર હવે આપણે અનુભવવાનો છે.



એક વખત શ્રી શાંતિભાઇએ છાપામાં વાંચ્યુ કે શ્રી યોગેશ્વરજી નામે સંતપુરુષ રાજકોટના પંચનાથ મંદિરમાં પ્રવચન માટે પધાર્યા છે. પૂ. યોગેશ્વરજીનું નામ વાંચતા જ અંતરમાં અગમ્ય આકર્ષણ જાગી ઉઠયું. છાપાના એક નાનકડાં ખૂણે આવેલા નાનકડા સમાચાર પર નજર ઠરવી એ પણ એ મહાપુરુષના દોરી સંચાર વિના શક્ય ન હતું. છાપાપર ઉપર છેલ્લી નજર ફેરવવાની ટેવ વાળાને જેની સાથે નિસ્બત નથી એવા સમાચારની અંતરમાં ચોટ લાગી જાય ત્યારે શું સમજવું? કોણે એ નાનકડા સમાચાર પર ધ્યાન ખેંચ્યું? ધ્યાન ખેંચ્યું એટલું જ નહીં પણ જાણે હાથ ખેંચીને એ મંદિર સુધી દોરી લાવનાર શક્તિ કોણ છે? બસ અહીં જ આપણે શ્રી ઠાકુરની કૃપાની કમાલ જોઇ રહ્યા છીએ.

મંદિરે પહોંચીને જોયું તો પૂ. યોગેશ્વરજી પ્રવચન કરતા હતા. પ્રથમ દર્શને જ તેમને પૂ. યોગેશ્વરજીમાં ઠાકુરનો ભાવ પેદા થયો. એક આત્મીયતાની લાગણી અંતરમાં સ્ફુરી આવી. જાણે ઠાકુરના સાક્ષાત્ દર્શનની તૃપ્તિ તેમણે અનુભવી. પૂ. યોગેશ્વરજી રૂપે જાણે ઠાકુર જ દર્શન આપી રહ્યા હોય તેવી અનુભૂતિ અંતરમાંથી સહજ જ ઉગી આવી! અંતરમાં ક્યાંય ખચકાટ કે આશંકા નથી. દર્શન થયાં, ગમ્યાં અને અંતરના સિંહાસન પર પૂ. યોગેશ્વરજીનું સ્વરૂપ આરૂઢ થઇ ગયું! આઘડીથી આજ પર્યંત પૂ. યોગેશ્વરજી અવિચલ અંતરમાં બીરાજી રહ્યા છે. ત્યારથી પરમાત્માના બીજા સ્વરૂપ વિષે ચિંતન થયું નથી. જીવનના સાર સર્વસ્વ રૂપે જીવનમાં વણાઇ ગયા! પૂ. યોગેશ્વરજીના પ્રશાંત સ્વરૂપથી વિશેષ કોઇ પરમાત્માનું પરમ સ્વરૂપ હોય એવો વિચારસુદ્ધાં ક્યારેય આવ્યો નથી! આવી એકનિષ્ઠ શ્રદ્ધા પરમાત્માના આ શ્રદ્ધેય સ્વરૂપમાં ઠરીને ઠામ થઇ ગઇ! તેમનાં દર્શન, દિવ્ય સાન્નિધ્ય, ચિંતન-

મનન, તેમના ગ્રંથોનો સ્વાધ્યાય ઈશ ઉપાસનાનું એકમાત્ર સાધન બની ગયું! એ પરમસ્વરૂપના પ્રેમમાં મગ્ન બની ગયા.

પ્રથમ દર્શને જાગેલા ભાવો પ્રસંગોપાત દૃઢ થતા ગયા. ૧૯૭૭ ની સાલમાં પૂ. યોગેશ્વરજીના સાન્નિધ્યમાં ભરૂચમાં યોજાયેલી સાધના શિબરમાં ભાગ લીધો. એક અઠવાડિયાના આ પરમ સાન્નિધ્યે દિવ્યભાવોના અવનવા આવિર્ભાવો અંતરમાં ઉછળવા લાગ્યા. પૂર્ણાહુતિની વિદાયના પ્રસંગે પૂ. શ્રીનો વિરહ તેઓ જીરવી શક્યા નહીં. દિવ્યપ્રેમના ઉન્માદમાં શરીરનું ભાન પણ ભૂલાઈ ગયું! દિવ્યપ્રેમના વિરહની વેદના પ્રેમાશ્રુઓના સ્વરૂપે વહેવા લાગી! આમ દિવ્યભાવોથી અંતર રંગાવા લાગ્યું! એ પરમપુરુષની કૃપા જેમ જેમ રેલાતી ગઈ તેમ તેમ જીવન શ્રદ્ધાભક્તિથી સમૃદ્ધ બનતું ગયું! દર વર્ષે યોજાતી સાધના શિબિર જીવન સાધનાનો એક ભાગ બની ગઈ. પૂ. યોગેશ્વરજીની આસપાસ કોઈ અંતરંગ ભક્તની ડીગ્રી કંઈ લાગવગથી મળતી ન હતી. જે વધુ ભક્તિ કરે તે સહજ જ પ્રભુના અંતરંગ ભક્ત બની જાય છે. શ્રી શાંતિભાઈની સેવા, સમર્પણભાવ અને શ્રદ્ધાથકી સહજ જ અંતરંગ ભક્ત બની ગયા!

૧૯૭૮ માં દક્ષિણભારતની શકવર્તી યાત્રા થઈ. શ્રી શાંતિભાઈએ પોતે જ પોતાની મોટરમાં પોતે જ ડ્રાઈવીંગ કરીને ચાલીસ દિવસ સુધી પૂ. શ્રીના સાન્નિધ્યમાં દક્ષિણનાં પ્રસિદ્ધ તીર્થસ્થાનોની યાત્રા કરી. એ યાત્રા સાચા અર્થમાં જીવનઘડતરની યાત્રા બની ગઈ! આધ્યાત્મિક સંસ્કારોના ઉર્ધ્વીકરણની એ યાત્રા હતી! પૂ. શ્રીની ઈશશક્તિના અનેક લીલાપ્રસંગોના સાક્ષી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. શ્રી શાંતિભાઈ માટે જીવનના એ સુવર્ણદિવસો હતા. અહર્નિશ અનુપમ દિવ્ય સાન્નિધ્ય આપી



પરમપંથના નિષ્ઠાવાન યાત્રી બનાવી દીધા! એટલું જ નહીં પણ જાણે હાથ પકડીને એ દિવ્યપંથે દોરતા રહ્યા! પૂ. શ્રીનો આ પરમપ્રેમ હતો, કૃપાપાત્ર જીવપરની કૃપાવર્ષા હતી! દક્ષિણની યાત્રા પણ શ્રી શાંતિભાઈએ પોતાની મોટર પૂ. શ્રીની સેવા માટે અર્પણ કરી ત્યારે પૂ. શ્રીએ પ્રેમપૂર્વક કહ્યું, "તમે પણ અમારા જ છોને! જ્યારે જરૂર પડે ત્યારે મોટર લઈને આવી જજો" બસ. પછી તો શ્રી શાંતિભાઈનુ જીવન એ પ્રકટ પરમપુરુષની પરીક્રમામય બની ગયું! તનમનધનથી પૂ. શ્રીની એકનિષ્ઠ સેવા એજ જીવનધ્યેય બની ગયું.

પૂ. શ્રીએ સર્વમંગલ ટ્રસ્ટની રચના કરી. તો શ્રી શાંતિભાઈ ટ્રસ્ટના મુખ્યદાતા બની ગયા, પૂ. શ્રી હસતા હસતા તેમને "શામળિયા શેઠ" કહેતા. લાખો રૂપિયાનું દાન તેમણે ઉદાર દિલે આપ્યું છે, શ્રી શાંતિભાઈએ તો પોતાના જીવનનો અને સંપત્તિનો હક પૂ. શ્રીને અર્પણ કરી દીધો છે. જ્યારે પૂ. શ્રીના કામ માટે જરૂર પડી છે, ત્યારે સમય અને સંપત્તિને છૂટે હાથે વહાવતા રહે છે.

દક્ષિણની યાત્રા અને મોરબીની સાધના શિબિર પછી પૂ. મા પ્રકાશમાં આવ્યાં. પૂ. શ્રીએ પૂ. માને જાહેરમાં પરમશક્તિના પ્રત્યક્ષ સ્વરૂપ તરીકે બિરદાવ્યાં, ત્યાર પહેલાં જ પૂ. માનો મહિમા જાણી સૌ પ્રથમ શ્રી શાંતિભાઈ પૂ. માનાં શ્રી ચરણોમાં સૌથી પ્રથમ પ્રણામ કરતા થયા હતા. પૂ. શ્રીના વચનમાં તેમને અનન્ય શ્રદ્ધા! પૂ. માના ભાગવતી સ્વરૂપને તેમણે કોઈ પણ જાતના હિચકિચાટ વિના સન્માનપૂર્વક સ્વીકારી લીધું. આજે તો પૂ. માના તેઓ લાડકા બાળક બની ગયા છે.

અહીં આપણે શ્રી શાંતિભાઈના જીવનની આછેરી ઝલક જોઈ.

પરમપુરુષની કૃપા જીવનમાં કેવો સુખશાંતિનો સૂર્યોદય કરે છે તેની વાત અહીં આપણે કરવા માગીએ છીએ. એક ગામડીયા જેવો ઓઇલ એન્જીનનો વેપારી પ્રભુની પરમકૃપા થકી કેવો પ્રભુનો પાર્ષદ બની જાય છે. તેની અદ્ભુત વાત આ કથાનો સાર છે. આ ગુરુશિષ્યની કથા ખરેખર અદ્ભુત છે. એ અદ્ભુત અને અનુપમ એટલા માટે છે કે તેમાં ગુરુકૃપાનો અજોડ ચમત્કાર છે. શ્રી શાંતિભાઇના જીવનને ધ્યાનપૂર્વક જોઇશું તો એક વાત આપણને અનેરી નવાઇ ભરેલી લાગશે. પ્રથમ તો એ વાત કે ઓઇલ એન્જીનના ધંધામાં રાતદિવસ ડુબીજનારા આ માણસને છેક કલકત્તાના દક્ષિણેશ્વર સ્થાનના પરમપુરુષ શ્રી રામકૃષ્ણદેવમાં અનન્ય નિષ્ઠા કેમ જાગી? નિષ્ઠા જાગ્યા પછી પણ તેને ઠાકુરના દર્શન, વંદન અને સ્વાધ્યાય દ્વારા પોષનાર શક્તિ કયી? સૌથી અગત્યની વાત કે પૂ. યોગેશ્વરજી પ્રતિ દોરી જનાર એ ગૂઢ આકર્ષણ જન્માવનાર કોણ? બીજા કોઇ સંતપુરુષ નહીં ને પૂ. યોગેશ્વરજી જ શા માટે? આ પ્રશ્નોના ઉત્તરો પૂ. શ્રીની આત્મકથા 'પ્રકાશના પંથે' બહાર પડતાં મળી ગયા. પૂ. યોગેશ્વરજીએ તેમાં પોતાના પૂર્વાવતારમાં દક્ષિણેશ્વરમાં શ્રી રામકૃષ્ણદેવ સ્વરૂપે હતા તેનો ઉલ્લેખ સવિસ્તાર કર્યો છે. તોપણ એક પ્રશ્ન હજુ નિરૂતર રહે છે કે શ્રી ઠાકુરની જ ભક્તિ શા માટે? એ પ્રશ્નનો ઉત્તર પણ સમય પસાર થતાં મળી ગયો.

એ વખતે પૂ. શ્રી હાર્ટએટેક પછી ચારૂલ ફ્લેટ્સમાં આરામ કરતા હતા. શ્રી શાંતિભાઇની સેવાનિષ્ઠા જોઇ પૂ. માએ એક દિવસ પૂ. શ્રીને પ્રશ્ન કર્યો કે શા માટે શ્રી શાંતિભાઇને આપના પ્રતિ આટલી અનન્ય સેવાનિષ્ઠા? બીજા કોઇ નહીં ને આપ પ્રત્યે આવો એકધારો ઇષ્ટભાવ શા માટે? પૂ. શ્રીએ તેમના પૂર્વના



સંસ્કારોની વાત કરી ઉપરછલ્લો ઉત્તર વાળ્યો, પરંતુ પૂ. માને તેથી સંતોષ થયો નહીં. આટલું ગાઢ આકર્ષણ જન્માવનાર વાત કોઇ સામાન્ય વાત હોઇ શકે નહીં, પૂ. માએ હઠાગ્રહપૂર્વક એ રહસ્યના ઉકેલ માટે આગ્રહ રાખ્યો, ત્યારે પૂ. શ્રીએ કહ્યું, "શ્રી શાંતિભાઇ પૂર્વાવતાર વખતે અમારી સાથે દક્ષિણેશ્વરમાં હતા, તેમનું પૂર્વ-જન્મનું નામ સુરેશચંદ્ર દત્ત હતું." એક કડી મળી ગઇ અને પૂર્વજન્મ અને આ જન્મની સાંકળ સંધાઇ ગઇ! શ્રી ઠાકુરની જ ભક્તિ અને પૂ. શ્રી પ્રત્યેના ગૂઢ આકર્ષણની અનન્યતા સમજાઇ ગઇ! પરંતુ આ લાંબી કથાનો સાર આપણે શોધીએ તો તે પ્રભુની પરમ કૃપા જ છે. પરમપુરુષોની કૃપા જીવનમાં કેવો ભાગ ભજવે છે તેનું દર્શન આપણને આ પ્રસંગમાં થાય છે. તેમની શક્તિ પણ કેટલી અપરીમેય હોય છે તે વાત પણ સમજાય છે. એક વખત તેમના ચરણપદ્મે ચિત્ત ઠર્યું, પછી જીવનની બાજી કેવી રીતે સંભાળે છે તે આ પ્રસંગમાં જોઇ શકાય છે.

આપણી ઉપર મૃત્યુનો પડદો પડી જાય છે પછી એ પૂર્વ-જન્મની સ્મૃતિને સાચવી શકતા નથી. મૃત્યુ પછીની રહસ્યમય ગતિ પર આપણો કંઇ કાબુ હોતો નથી. આપણું શું થાય છે અને શું થશે તે વાત આપણી કાબુ બહારની હોય છે. પરંતુ પરમ-પુરુષોની કૃપા તો મૃત્યુ પછીએ વિસ્તરતી હોય છે તે વાત આપણને શ્રી શાંતિભાઇના જીવનપરથી સ્પષ્ટ સમજાય છે. શ્રી શાંતિભાઇએ તેમના પૂર્વજન્મનું શરીર છોડયું, એટલે એ જીવનપર પડદો પડી ગયો! પરંતુ એ જન્મમાં એમણે શ્રી ઠાકુર-ના શ્રી ચરણોમાં અનન્ય પ્રીતિ કરી, તેમની શરણાગતિ સ્વીકારી હતી. **બસ,** જીવ આટલું કરી શકે કે શ્રદ્ધાપૂર્વક પરમપુરુષને વળગી રહેવું. પરંતુ પરમપુરુષોની શક્તિ બધું જ કરી શકે છે.

એક વખત આપણે એ શ્રી ચરણોમાં શ્રદ્ધા વ્યક્ત કરી એટલે આપણને સંભાળવાની જવાબદારી તેઓ સ્વીકારતા હોય છે. તેમની શક્તિને મૃત્યુનાં બંધન નડતાં નથી. શ્રી શાંતિભાઈએ શ્રદ્ધા વ્યક્ત કરી તો શ્રી ઠાકુરે જાણે જન્મોની બાજી સંભાળી લીધી, મૃત્યુ પછી ગતિ આપી. પોતે ગુજરાતમાં અવતાર ધારણ કર્યો તો શ્રી શાંતિભાઈને પણ ગુજરાતમાં જન્મ આપ્યો, તેમના શ્રદ્ધા-ભક્તિના સંસ્કારો ને અગમ્ય આકર્ષણ જન્માવી પોષ્યા! એટલું જ નહીં, પરંતુ પોતે અવતાર ધારણ કર્યો છે તો ફરીથી તેમના પ્રતિ ગૂઢ આકર્ષણ જન્માવી પોતાની પાસે લીધા. મહાપુરુષોની કૃપાની કમાલ જોયા જેવી છે. વળી આ જન્મમાં પોતાનું દિવ્ય સાન્નિધ્ય આપી પરમપંથે આગળ દોર્યા. પોતાની પ્રકટ દિવ્ય-લીલાના સાક્ષી બનવાનું સૌભાગ્ય આપ્યું, એટલું જ નહીં પરંતુ પોતાનો લીલાસંવરણનો સમય આવ્યો ત્યારે પૂ. માની ગોદમાં મૂકતા ગયા! પોતે જે પરમશક્તિની ઉપાસના કરી તેમના સાક્ષાત સ્વરૂપ સમાં પૂ. માના પરમ વાત્સલ્યના અમૃતપાનના અધિકારી બનાવ્યા! હવે તો પૂ. મા મળ્યાં એટલે આપણી જીવનમંઝીલ, મુક્તિધામ મળી ગયું છે, હવે જીવનની બધી જ અનિશ્ચિતતા-ઓનો અંત આવી ગયો છે.

પરમપુરુષોની કૃપા શું કરી શકે છે તેની પ્રત્યક્ષ અનુભૂતિ શ્રી શાંતિભાઈના જીવનમાં આપણે જોઈ. આપણે તો જન્મ ધારણ કર્યા પછી બધું ભૂલી જતા હોઈએ છીએ. પરંતુ મહાપુરુષો ભૂલતા નથી. તેઓ જીવે વ્યક્ત કરેલી શ્રદ્ધાને ભૂલતા નથી. બધું જ યાદ રાખીને ફરીને પોતાનું દિવ્ય સાન્નિધ્ય મળે તે રીતે આ નવા જન્મની બાજી ગોઠવે છે. જીવે વ્યક્ત કરેલી એક નાનકડી શ્રદ્ધાનો બદલો આ મહાપુરુષો કેવો આપતા હોય છે તેનો પુરાવો



તે શાંતિભાઈ છે. પૂ. યોગેશ્વરજીની કૃપા જીવનની કેવી પરમશાંતિ, આનંદ અને ગૃહસ્થજીવનની પ્રસન્નતા અર્પે છે તે શ્રી શાંતિ-ભાઈનું અત્યારનું જીવન જોઈએ ત્યારે સમજાય!

કોઈએ ગૃહસ્થજીવનની સાર્થકતા વર્ણવતાં લખ્યું છે, "પૂરતું ધન હોય, સુલક્ષણા ગુણીયલ ધર્મપત્ની હોય, વિનમ્ર આજ્ઞાંકિત પુત્ર હોય અને પુત્રને ઘેર પણ પુત્ર હોય તો પછી આવું સુખ તો ઇંદ્રલોકમાં પણ નથી." શ્રી શાંતિભાઈને આથી પણ અનેકગણું મળ્યું છે કારણ કે માથે પૂ. યોગેશ્વરજી અને પૂ. માનુ કૃપાછત્ર છે.

શ્રી શાંતિભાઈ પ્રત્યે પૂ. યોગેશ્વરજીને પણ કેવો પ્રેમ હતો તેની એક નાનકડી વાત જોઈએ. ઉત્તર ભારતની યાત્રા કરતાં કરતાં પૂ. શ્રી સાથે સૌ દક્ષિણેશ્વરમાં શ્રી ઠાકુરના લીલાસ્થાનમાં આવ્યા. દક્ષિણેશ્વરના ઘાટપર એક સવારે શ્રી ઠાકુર જ્યાં સ્નાન કરતા હતા તે સ્થાન પર પૂ. શ્રી પણ ગંગાસ્નાન કરવા ગયા. પૂ. શ્રી સ્નાન કરતા હતા, શ્રી શાંતિભાઈ પાસે ઊભા હતા. સ્નાન કર્યા પછી પૂ. શ્રીએ પૂછ્યું, "શાંતિભાઈ, તમારે સ્નાન નથી કરવું?" શ્રી શાંતિભાઈએ કહ્યું, "સ્નાનમાટેના ટૂવાલ વિ. કપડાં સાથે લાવ્યો નથી. પછી કરી લઈશ." પૂ. શ્રીએ કહ્યું, "પછી શા માટે? અત્યારે જ સ્નાન કરી લો, હું મારા ટુવાલ અને પંચીયુ સ્નાન માટે આપું છું." પૂ. શ્રીએ આગ્રહ કરી પોતાના ટુવાલ અને પંચીયુ આપ્યું, સ્નાન કરી લીધા પછી પૂ. શ્રીએ કહ્યું, "અમારું કામ જ આ છે, જીવને સ્નાન કરાવીને તેના મેલ ધોતા રહેવાનું!" કેવો નિર્મળ નિઃસ્વાર્થ એ મહાપુરુષનો પ્રેમ! પોતાના અંગત વસ્ત્રો આપતાં પણ તેમને સંકોચ થયો નથી. કેટલો સાલસ વ્યવહાર એ પરમપુરુષ પોતાના પ્રેમીભક્ત તરફ કરે છે! પોતાનું

પરમ વિભૂતિ સ્વરૂપ વિસરીને પોતાની એક નાનકડી ખીસકોલી પર કેવા વાત્સલ્યના લાગણીભર્યા લીસોટા કરે છે, પ્રેમભર્યો હાથ પસવારે છે. પ્રેમી પાસે અંગત અને અન્યની જુદાઈ તેઓ રાખતા નથી. પૂ. યોગેશ્વરજીની આ નાનકડી વાતનો પડઘો જન્મો પર્યંત વિસ્તરે જ છે તે અહીં જોયું, પોતાના ગણીને પોતાનાં ફક્ત વસ્ત્રો જ નથી આપતા પણ પોતાના કરીને રાખે છે. અને પોતા જેવા કરીને જંપે છે. શ્રી શાંતિભાઈની આ કથાનો સાર એ સત્પુરુષની પરમકૃપા અને કરુણા છે.

જે જીવોને એ પરમપુરુષમાં અનન્ય શ્રદ્ધા છે તે જીવોના ઉદ્ધારનું કાર્ય મૃત્યુ પછી પણ કરતા રહે છે. પૂ. શ્રી નારાયણભાઈની સુપુત્રી બિંદુની સદ્‌ગતિ પૂ. યોગેશ્વરજીની પરમકૃપાને આભારી છે. શ્રી ચંપકભાઈની સેવા અને પ્રેમને તેઓ મૃત્યુ પછી પણ ભૂલ્યા નથી. એક સુખી સંપન્ન કુટુંબમાં ફરીથી જન્મ આપીને શ્રી ચંપકભાઈની શ્રદ્ધાનો બદલો આપ્યો છે. ચારૂલ ફ્લેટ્‌સના માલિકશ્રીના અચાનક મૃત્યુથી અધુરી રહેલી ઈચ્છા પણ પૂ. યોગેશ્વરજી તેમના ફાર્મપર પધારીને તેમ જ તેમની ઈચ્છા મુજબ ફાર્મપર વધુ સમય રોકાઈને પૂરી કરે છે. પૂ. યોગેશ્વરજીની અચિંત્ય શક્તિની કોઈ સીમા નથી. અખિલ બ્રહ્માંડમાં વ્યાપ્ત જીવસૃષ્ટિ તેમની સંકલ્પશક્તિથી આવૃત્ત છે. જનનીના ઉપકારનો બદલો તેમણે પૂ. માતાજી જ્યોતિર્મયીનો ઉદ્ધાર કરીને વાળ્યો છે. મૃત્યુ પછી વાસનાની ગર્તામાં સબડતા અનેક જીવોની સદ્‌ગતિ માટે પણ તેમણે પ્રયત્નો કર્યા છે. જીવો જો સત્પુરુષમાં શ્રદ્ધા વ્યક્ત કરતા હોય તો સત્પુરુષની કૃપા જીવોનાં કલ્યાણ માટે મૃત્યુના બંધનને વટાવીને પણ નિરંતર કાર્યરત રહે છે.



પૂ. યોગેશ્વરજીના ૧૫ ઓગસ્ટ '૯૩ ના પ્રાકટ્ય પર્વે અનન્ય, અખૂટ અને અતૂટ શ્રદ્ધાનું પાથેય બાંધી લઈએ. જીવનમાં ગમે તેવી સાહ્યબી આવે તો પણ સત્સંગના સુખને જ પ્રાધાન્ય આપવું, જીવનના દરેક તબ્બકે પરમપુરુષમાં વ્યક્ત કરેલી શ્રદ્ધા અવિચળ રહે તેવી શીખ શ્રી શાંતિભાઈ પાસેથી લઈએ. આજના પુનિત પ્રસંગે પૂ. યોગેશ્વરજીના પરમકૃપાના ભંડારને પરમ શ્રદ્ધાના બળથી આપણા જીવનમાં ખેંચી લાવી. તેમના કૃપાછત્ર નીચે નિશ્ચિત બની પરમેશ્વરના પરમશાંતિના સામ્રાજ્યમાં મહાલીએ. એ પરમપુરુષના શ્રી ચરણોમાં સતત પ્રાર્થતા રહીએ

વિઘ્નોનાં વાદળ જીવનમાં આવે,<br>
ત્યારે અશ્રદ્ધા જોજો ના ફાવે;<br>
સંકટ ના અમને કોઈ સતાવે,<br>
કૃપા તમારી પંથ બતાવે.

## શ્રીનાથવચનામૃત

સર્વ પ્રાણિપદાર્થમાં અધિષ્ઠાનરૂપે એક પરમતત્ત્વજ વ્યાપી રહ્યું છે એમ ક્ષણે ક્ષણે સ્મરણમાં રાખી રાગદ્વેષ ત્યજી સર્વત્ર સમભાવ રાખવા જાગ્રત્ રહેવું જોઈએ.

અવશ્ય કર્તવ્યનું વિસ્મરણ કરાવી કર્તવ્યમાં નહિ પ્રવૃત્ત થવા દેનાર પ્રમાદને પરમશત્રુ ગણી તેનાથી ચેતતા રહેવું જોઈએ, ને મિથ્યા લોકલજ્જા કે અન્ય પ્રકારની મનની નિર્બલતાને વશ થઈ અવશ્ય કરવાયોગ્ય નાનામાં નાના શાસ્ત્રીયકર્મનો પણ પરિત્યાગ ન કરવો જોઈએ.

# ગુરુપૂર્ણિમાની ઉજવણી

### નોર્થબર્ગન (અમેરિકા)

આ વર્ષે ગુરુપૂર્ણિમાના શુભદિને પૂ. મા શ્રી સર્વેશ્વરી અમેરિકામાં શ્રી વિનોદભાઇ પટેલને ત્યાં હતાં. છેલ્લા બે માસથી પૂ. મા સતત મૌન પાળી પોતાની સાધનમાં રત છે. એટલે પૂ. માએ સહુ સાધકોને પણ મૌન પાળી ગુરુપૂર્ણિમા ઉજવવાની શિક્ષા ધરી.

તે દિવસે સવારે ૬–૩૦ થી ૧૦–૦૦ સુધીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. છેક કેનેડાથી પણ ઘણાં સાધક ભાઇ-બહેનો પોતપોતાનાં વાહનોમાં વહેલી સવારે આવી પહોંચ્યાં હતાં. પૂ. શ્રીના ટેપ પ્રવચન સિવાય સમગ્ર કાર્યક્રમ મૌન પાળીને ઉજવાયો. તેમાં પૂ. માએ એક કલાક હાજરી આપી. સહુએ મૌન જાળવી પૂ. માનાં દર્શન–વંદન કર્યા અને તેઓના દૃષ્ટિપાતનું સુખ માણી સંતોષ માન્યો.

સાધકોએ મૌન જાળવી, પોતપોતાના જપ, સ્તુતિ પાઠો, ધ્યાન કે મૌન પાળી ધાર્મિક વાંચન કર્યું. શ્રી વિનોદભાઇ અને સરોજ-બેને પધારેલ સહુને પ્રસાદ જમાડી વિદાય આપી.

પૂ. માની ઇચ્છા પ્રમાણે તે દિવસે પુષ્પો કે ફુલહારો તેઓને અર્પણ ના કરવાની ખાસ સૂચના અપાઇ હતી.

* * *

### ટોરન્ટો (કેનેડા)

કેનેડામાં વસતા પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પૂ. મા



શ્રી સર્વેશ્વરીના ભક્તોએ ગુરુપૂર્ણિમાનો ઉત્સવ તા. ૪ જુલાઇને બદલે તે પછીના રવિવારે ટોરન્ટોમાં ઉજવ્યો, કારણ કે તે રવિ-વારે મોટાભાગના સાધકો પૂ. માના દર્શને અમેરિકા ગયેલ હતા.

આ પ્રસંગે બાળ સાધકોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી. પૂ. ગુરુદેવ અને પૂ. માના પરિચયના પરિણામે તેઓના જીવનમાં શુદ્ધિ, પવિત્રતા અને પ્રભુપરાયણતા આવ્યાં છે. તેનો ઋણ સ્વીકાર સાધકોએ કર્યો.

શ્રી સુરેશભાઇ શાહે આ કાર્યક્રમનું સંચાલન કર્યું જ્યારે શ્રી અશોકભાઇ પાઠકે વિધિપૂર્વક ગુરુપૂજન કરાવ્યું. પૂ. શ્રીનું પ્રવચન, ભજન અને સરસ ધૂનોથી કાર્યક્રમ ઉજવાયો. બાળ સાધકોએ પણ પોતે કાર્યક્રમ આપ્યા.

### ભારતમાં ઉજવણી

ભારતમાં અમદાવાદમાં શ્રી બાબુભાઇ વોરા તરફથી સત્ય-પથમાં, મુંબઇમાં શ્રી મધુભાઇ ભટ્ટને ત્યાં બોરીવલીમાં, વડોદરામાં શ્રી જીતુભાઇ ગાંધીને ત્યાં, ભાવનગરમાં શ્રી નારાયણભાઇ જાની અને શ્રી ઘનશ્યામભાઇ દેસાઇને ત્યાં, તેમ જ રાજકોટ ખાતે શ્રી શાન્તિભાઇ કનેરિયા અને શ્રી રાજુભાઇ જાનીને ત્યાં ગુરુપૂર્ણિમા નિમિત્તે કાર્યક્રમો યોજ્યા હતા.

રાજકોટના શ્રી પ્રણવાનંદ સંસ્કૃત ભવનમાં પણ પૂ. યોગે-શ્વરજીનાં સ્વરૂપનું પૂજન કરવામાં આવ્યું. મોરબીના શંકર આશ્રમમાં તેમ જ શ્રી સુખલાલભાઇ પૂજારાને ત્યાં પણ સાધક ભાઇબહેનોએ ઉત્સાહભેર આ પર્વની ઉજવણી કરી.

સામાન્ય રીતે આ કાર્યક્રમોમાં પૂ. ગુરુદેવ અને પૂ. માની બાવનીઓ, પૂ. શ્રીનું ટેપ પ્રવચન અને ભજન–ધૂન ઉપરાંત

પસાર થઇ ગયા. કૃષ્ણની જાતજાતની લીલાઓની સ્મૃતિ કરીને ગોપીઓ માનસિક સુખશાંતિ, સંતોષ તથા પ્રેરણાની પ્રાપ્તિ કરતી. કૃષ્ણને મળવાની આશાજ્યોતિ એમના જીવનમાં એકદમ મંદ પડી ગઇ, ત્યારે એક દિવસ આશાનો સૂર્યોદય થયો.

કુરુક્ષેત્રમાં એ વરસે મહાન સૂર્યગ્રહણ થયું. એમાં ભાગ લેવા માટે કૃષ્ણ તથા બળરામ દ્વારકાથી પધારેલા. સમંતપંચક ક્ષેત્રમાં થયેલા એ ખગ્રાસ સૂર્યગ્રહણનો લાભ લેવા નંદયશોદા, ગોપગોપીઓ, જુદા જુદા રાજાઓ તથા યાદવો પણ પહોંચેલા. ગોપીઓને ત્યાં એ અલૌકિક અવસર પર વરસો પછી કૃષ્ણનો મેળાપ થયો.

દશમ સ્કંધના ઉત્તરાર્ધના અધ્યાય ૮૨ ના શ્લોક ૪૦ માં કહેવામાં આવ્યું છે કે ગોપીઓ ભગવાન કૃષ્ણનું દૈવી દર્શન કરીને પરમ પ્રસન્નતા પામી. ભગવાનના અખંડ અનિમેષ દર્શનમાં વિક્ષેપરૂપ બનનારી નેત્રો પરની પાંપણો રચવા માટે વિધાતાને ઠપકો આપનારી ગોપીઓ કૃષ્ણને મળીને એમની સાથે યોગીઓને પણ દુર્લભ એવી આત્મિક એકતા પામી. કૃષ્ણે એમને એકાંતમાં મળીને સુમધુર સ્વરે જણાવ્યું, "તમને છોડીને મારે મારા જીવનકાર્યને કરવા માટે મથુરા જવું પડ્યું તેનું તમને દુ:ખ નથી થતું? તમે મને કૃતઘ્ન તો નથી માનતી? મારી અવગણના તો નથી કરતી? ઈશ્વર જ કર્મસંસ્કારોને અનુલક્ષીને જુદાં જુદાં પ્રાણીઓને એક બીજાં સાથે જોડે છે ને છૂટા પાડે છે. તમને મારી ઉપર પ્રેમ થયો છે ને મારામાં ભગવદ્‌બુદ્ધિ પ્રકટી છે તે અત્યંત કલ્યાણકારક છે, કારણ કે ભગવાનની એકનિષ્ઠ ભક્તિથી જ જીવોનો મોક્ષ થાય છે."



ગોપીઓએ એમની પાસે માગણી કરી કે અમને તમારા ચરણકમળોનું નિરંતર ધ્યાન રહે. એ ચરણકમળોનું મોટામોટા મુનિવરો ને યોગીઓ પણ ધ્યાન ધરે છે અને એ સંસારરૂપી કૂપમાં પડેલાને માટે અમોઘ આલંબનરૂપ છે. અમારાં મનમાં, હૃદયમાં, રોમરોમમાં, તમારા સુધાસભર સ્વરૂપનો પ્રકાશ હો!

આદર્શ ભક્ત કે પ્રેમી એથી અધિક શું ઇચ્છે?

## લવાજમ

૧૯૯૩ ના સપ્ટેમ્બરમાં અધ્યાત્મનું ચૌદમું વર્ષ પૂરું થાય છે. તેથી ધ્યાનકેન્દ્રના સંચાલક ભાઇ-બહેનોને વિનંતિ કે તેઓ પોતાના કેન્દ્રો દ્વારા એકત્રિત કરવામાં આવતાં લવાજમોનું કામ સવેળા ઉપાડી લે, જેથી નવા વર્ષના પ્રથમ અંકથી જ અધ્યાત્મનો અંક સહુ ગ્રાહકોને મળવો શરૂ થાય.

જે ગ્રાહક ભાઇબહેનો વ્યક્તિગત રીતે પોતાનાં લવાજમ મોકલતાં હોય, તેઓ મનીઓર્ડર કે ડ્રાફ્ટથી જ પોતાનું લવાજમ મોકલાવે. આઉટ સ્ટેશનના ચેક સ્વીકારવામાં નહિ આવે તેની નોંધ લેવી.

— તંત્રી, અધ્યાત્મ

# ગોપી પ્રેમ

યોગેશ્વરજી

## કુરુક્ષેત્રમાં કૃષ્ણનો સમાગમ

ગોપીઓના પ્રેમપ્રસંગો પ્રેરક છે. વધારે પ્રેરક એટલા માટે કે ભાતભાતના દુન્યવી વિરોધાભાસી વાયુમંડળની વચ્ચે વસનારા મોટાભાગના માનવો પૂછે છે કે આવા વાતાવરણમાં વસીને જીવનોત્કર્ષને મંગલમય માર્ગે આગળ વધીને ઈશ્વરની કૃપા મેળવી શકાય? એવા માનવોનો ગોપીઓના પ્રેમપ્રસંગોમાંથી ઉત્સાહ મળશે. સામર્થ્ય સાંપડશે. આશાનાં કિરણો લાધશે. માનવે ગમે તેવા વાતાવરણમાં વસીને ગોપી બનવું જોઈએ. ગોપી બનતાં શીખવું જોઈએ. એવા જ શીલસંયમથી સંપન્ન, પરમ-કૃપાપાત્ર થવાની ઈચ્છાવાળાનું આગળનું કામ પછી ઈશ્વર કરી દે છે. સઘળું સરળ બને છે, સાનુકૂળ થાય છે.

વૃંદાવનમાં ગોપીઓએ મથુરાથી આવેલા બે મહાપુરુષોને જોયા. અક્રૂરને માટે ગોપીઓના અલૌકિક અનુરાગને સમજવાનું કાર્ય કઠિન હતું. ગોપીઓના પ્રેમભાવની એમને કલ્પના પણ આવી શકે તેમ ન હતી. ગોપીઓના કૃષ્ણને માટેના અપાર્થિવ અપાર પ્રેમભાવને પેખીને એમનું મન મુગ્ધ થયું. એમને ભગ-વાન કૃષ્ણે પોતાના વાસ્તવિક વિરાટ સ્વરૂપનો પરિચય કરાવવાની ઈચ્છા કરી હોય તેમ એમના જીવનમાં એક અલૌકિક અનુભવ થયો. એ અનુભવને લીધે એ ભગવાન કૃષ્ણની લોકોત્તરતાને સમજી શક્યા અને ગોપીઓના પ્રેમની ભૂમિકાને પણ અલ્પ પ્રમાણમાં અનુભવી શક્યા.



એ અલૌકિક અનુભવનું આલેખન દશમા સ્કંધના 30 મા અધ્યાયમાં કરવામાં આવ્યું છે.

અક્રૂરે કૃષ્ણ અને બળરામને રથમાં બેસાડીને મથુરાની દિશા-મા આવેલી યમુનાના નિર્મળ નીરનું આચમનાદિ કરીને બળરામ સાથે રથમાં પ્રવેશ કર્યો. એની અનુમતિ મેળવીને અક્રૂરે યમુનામાં જઈને સ્નાન કરવા માંડયું. પાણીમાં ડૂબકી મારીને એમણે વેદમંત્રના જપ કરવા માંડયા તો એ વખતે પાણીની અંદર કૃષ્ણ અને બળરામને જોયા. અક્રૂરને એવા દર્શનથી આશ્ચર્ય થયું કારણ કે એ બંને તો રથમાં વિરાજેલા. એમણે પાણીમાં પુનઃ ડૂબકી મારી તો એમાં સિદ્ધો, ચારણો, ગંધર્વો અને અસુરો દ્વારા સ્તુતિ કરાતા ભગવાન શેષનાગનું દર્શન કર્યું. એમના ખોળામાં મેઘ જેવા શ્યામ, પીતાંબરધારી ભગવાન દેખાયા. એ ચતુર્ભુજ અને શાંત હતા. એમના દર્શનથી એમની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં. એમણે ભગવાનની સ્તુતિ કરી.

યમુનામાંથી બહાર નીકળીને એ કૃષ્ણ તથા બળરામ પાસે પહોંચ્યા ત્યારે એમની દૃષ્ટિ, વૃત્તિ તથા બુદ્ધિમાં આમૂલ પરિવર્તન થઈ ગયેલું.

એ અલૌકિક અનુભવ પછી ગોપીઓની કૃષ્ણ પ્રત્યેની ભાવનાને એ વધારે સારી રીતે સમજી શક્યા.

પરમાત્માના પરમપવિત્ર પ્રબળ પ્રેમસંસ્કારોને પોતાના રાગ-મય હૃદયમાં ધારણ કરીને ગોપીઓ ઘરમાં, વિવિધ પ્રકારના વ્યવસાયોની વચ્ચે, વ્રજમાં રહી, તો પણ એમનાં મન કૃષ્ણની આજુબાજુ જ રમ્યાં કરતાં. એમને માટે એ મોટામાં મોટું તપ હતું. કૃષ્ણના સ્થૂલ દર્શન વિનાના કેટલાય દિવસો એમ ને એમ

સાધકોનાં અનુભવો રજુ થયા હતા. કાર્યક્રમના સર્વસ્થળે સાધકોને ભોજન–પ્રસાદ પણ આપવામાં આવ્યો હતો.

કપૂરામાં શ્રી ઈશ્વરભાઇ ભક્તને ત્યાં આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક મહિનાઓથી દર ગુરુવારે થતાં ગીતા પ્રવચનોની પૂર્ણાહુતિ શ્રી ઈશ્વરભાઈએ કરી. આ પ્રસંગે સમગ્ર ગામનાં ભાઈ બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો અને સહુને શીરાનો પ્રસાદ વહેંચવામાં આવ્યો. શ્રી ઈશ્વરભાઈએ ગુરુ શ્રી યોગેશ્વરજીને ધરેલ ભેટ અધ્યાત્મને મોકલાવી આપી.

ઇંગ્લેન્ડના રગ્બી શહેરમાં પણ શ્રી અંબાલાલભાઇ મિસ્ત્રીની દોરવણી નીચે આ કાર્યક્રમ કલ્યાણ પ્રાર્થના મંદિરમાં ખૂબ ભાવ-પૂર્વક ઉજવાયો. તેઓએ આ પ્રસંગે સાધકોએ ધરેલ ભેટ–ભારતમાં અધ્યાત્મને મોકલાવી.

આ ઉપરાંત સુરતમાં પણ સાધકોએ સાથે મળી આ પર્વની સરસ ઉજવણી કરી.


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦




# હિમાલયના પત્રોમાંથી

સુરેશ શાહ, ટોરન્ટો (કેનેડા)

## પત્ર–૧૪ : હિંદમાતાની વેદના

કન્યા વિદ્યાલય, ભાદરણથી ઈ. સ. ૧૯૪૧ એટલે કે ભારતની આઝાદી પહેલાના પત્રમાં હિંદમાતા માટેના પોતાના વિચારો અને ભાવોને પ્રગટ કરતાં પૂ. શ્રી જણાવે છે કે–"આજે ગામથી દૂર દૂર આવેલા એક ખેતરમાંથી આ પત્ર લખવામાં આવે છે. સમય સાંજનો છે. સામે જ વૃક્ષની હાર છે ને તેના ઉપર ઊભેલો સૂર્ય મારાં દર્શન કરતો કરતો કૃતાર્થ થાય છે. હૃદયમાં આ વખતે અનેરું ગીત જાગી રહ્યું છે. સંપૂર્ણ સંવાદ છે. દેહથી ભિન્નત્વની દશા અનુભવાઈ રહી છે. આંખ આગળ હિંદમાતા આવે છે. હાથમાં સિતાર છે. માથું ઉઘાડું છે. લટેલટ વિખરાઈ ગઈ છે. પગમાં જોર નથી. માથું ઢળી ગયું છે–એ સિતાર નમી પડયું છે. સિતારના તાર તૂટી ગયા છે, ગીત બંધ પડી ગયું છે. માની આંખમાં દર્દ છે, કરુણા છે, અપાર વેદના છે. એક વખત એ એવી ન હતી. આખી સૃષ્ટિની શક્તિ હતી, સૌને પ્રેરણા પાનારી એ એક પરમપાવની હતી. આજે એ કેવી છે? એના સુમધુર મુખમાંથી આજે એક સ્વર પણ નીકળતો નથી. અરે! એની આંખ ભીની છે. આંસુની ધાર પણ ઊઠતી નથી. કેમ આમ થયું? એના બાળકોએ એને ધુતકારી કાઢી? એનાં છોરું કછોરું પાક્યાં? આંખમાં આંસુ આવે છે. માતાની આ દશા નથી જોઈ શકાતી. શું જે હજારોની પ્રેરણા હતી, જે હજારોની માતા હતી, હવે તે ફરી નહિ ઊઠે? એની આંખ નહિ ઊઘડે?

વીસવર્ષની યુવાનવયે પૂ. શ્રીના હિંદમાતા માટે કેવા ભાવ-પ્રધાન વિચારો હતા અને લાગણી હતી તે આ પત્ર દ્વારા જણાય છે. દ્રૌપદી વસ્ત્રાહરણની જેમ આજે શાંતિ, એકતા અને પરસ્પર-ના પ્રેમનાં વસ્ત્રો ખેંચાઇ રહ્યાં છે. કયો કૃષ્ણ એની વહારે ધાય?

આગળ પૂ. શ્રી જણાવે છે કે ભારતમાતાનો મંત્ર ત્યાગનો છે, વિલાસ અને વૈભવને છોડવાનો, જીતવાનો છે. શુદ્ધ થવાનો છે. વિલાસી જીવન ખરાબ છે, તેથી ખરાબ વિલાસી જીવનની ઇચ્છા ને તૃષ્ણા છે. વિલાસના વિચારોમાંથી વૈરાગ્યનું નવનીત જન્મે તો ખરે જ નવો અવતાર મળવાનો. એવો માણસ કોઈપણ સંજોગોમાં વિલાસી નહી થવાનો. અત્યારે યુવાનોએ સંયમ, ત્યાગ ને તપસ્યા શીખવાની ખાસ જરૂર છે. હું પોતે અહીં એક શેતરંજી, એક ઓશીકુ, શાલ, એક ધોતિયું ને બે ખમીસ રાખું છું. આજે ૨૪ દિવસ થયા મગફળી અને ગોળ ઉપર રહું છું.

કેટલી બધી સાદાઇ, ભોગો અને વિલાસ પ્રત્યેની સજાગતા અને શિસ્ત, સંયમ, સદાચાર અને નિયમિતતાના હિમાયતી પૂ. શ્રી શરૂઆતથી જ હતા જે તેમના જીવનમાં આપણે જોયાં અને અંતિમ દિવસ સુધી પૂ. શ્રી તેને વફાદાર રહ્યા—આધ્યાત્મિકતા માટે જે પાયાની જરૂરિયાતો છે તે વિષે પૂ. શ્રી આ પત્રમાં અંગુલિ-નિર્દેશ કરે છે.

### પત્ર–૧૫ : કવિતાની સાચી મહત્તા

લોહાણા બોર્ડીંગ વડોદરાથી, ૧૯૪૨ માં શ્રી નારાયણભાઇને ઉદ્દેશીને લખેલા પત્રમાં સાહિત્યમાં 'કવિતા'નો હેતુ સમજાવતાં પૂ. શ્રી જણાવે છે કે અત્યારની પ્રકટ થતી કવિતા મોટે ભાગે અર્થઘન અને શબ્દપ્રચૂર હોઇ લોકોની વૃત્તિ પણ કાંઇક અંશે



એવી કવિતા માટે ટેવાઇ ગઇ છે. પણ તે ઠીક નથી. આપણે તો સામાન્ય માણસો પણ સમજી શકે તેવી કવિતા જોઇએ. ગાંધીજીએ કહેલું કે કોશિયા પણ સમજે તેવી કવિતા લખાવી જોઇએ. કવિતાની સાચી મહત્તા બહારના છંદ અને શબ્દભંડાર પણ નહીં, પરંતુ તેની અંદરના વિધાન તથા વસ્તુ પર જ છે. કવિતાની ભાષા સાદી જોઇએ, પણ તેની અંદરની વસ્તુ પ્રેરક અને ચિરંજીવ જોઇએ. અત્યારની કવિતાની એક મોટામાં મોટી મર્યાદા એ છે કે તે ચિરંજીવી તત્ત્વ ઓછું ધરાવે છે. શબ્દ ભંડારને પદલાલિત્યવાળી કવિતાઓ ઠેર ઠેર જડશે, પણ પ્રેરણા આપી શકે એવી કવિતાઓ ઓછી હશે, આ એક અધઃપતન છે. રવિન્દ્રનાથ જેવા કવિ જોઇએ છીએ એમ ગાંધીજીએ કહેલું. તેનો અર્થ એ જ કે રવિન્દ્રનાથનાં કાવ્યોમાં જે પ્રેરણા, સંદેશ, આશા ને સાદાઇ છે તેને કવિતામાં વણી લેનાર કવિ વધારે ઉપયુક્ત લેખાય.

ગુજરાતી સાહિત્યમાંથી એવી પચીસ કવિતાઓ શોધી આપશો કે જે તમને દુઃખના વખતમાં સુખનો સંદેશ આપે, તમે નિરાશ થયા હો તો તમને આશા આપે, તમને ઉચ્ચવિચારો આપે, જિંદગીમાં તમારી મિત્ર બની રહે? હું માનું છું કે આપણે ત્યાં એવી કવિતાઓ થોડી જ છે. બીજું, ખુલ્લે રાગે આનંદથી ગાઇ શકાય, તેવાં કાવ્યો પણ કેટલાં? ખંડકાવ્યો આપણે ત્યાં છે. પણ એમાં ચિરંજીવી તત્ત્વ કેટલું?

ઉત્સાહ આપે, ઉચ્ચવિચાર આપે, માર્ગદર્શન કરાવે, એવું કાવ્યસાહિત્ય આપણે ત્યાં બહુ જ થોડું છે અને એ જ આપણી કંગાલિયત છે. આપણા કાવ્યોમાં આ બધું છે એવો દાવો ના જ

થાય, પરંતુ એક કવિ તરીકે આ દૃષ્ટિને લક્ષમાં રાખવાનો આપણો ધર્મ છે એ સપૂર્ણ સાચું છે.

સાહિત્ય પ્રત્યેની અભિરુચિ તથા સાહિત્ય દ્વારા સમાજની સેવા કેમ થાય તથા ઓછામાં ઓછું ભણેલી વ્યક્તિપણ સાહિત્ય-માંથી શિખામણ, પ્રેરણા અને માર્ગદર્શન કેમ મેળવી શકે તેની સતત કાળજી રાખવી તે કવિ અથવા લેખકની પ્રથમ ફરજ છે. તે હકીકત આ પત્રદ્વારા પ્રદર્શિત થાય છે. પૂ. શ્રીના લગભગ સો ગ્રંથોમાંથી આધ્યાત્મિકતા, દેશભક્તિ, બાળકો, યુવાનો અને સમાજ માટેની શીખ તેમ જ માર્ગદર્શન મળે છે. સાહિત્યક્ષેત્રે ચમકતા તારલાઓમાં પૂ. શ્રીએ ધ્રુવના તારાનું સ્થાન પૂ. મા સરસ્વતીની કૃપાથી પ્રાપ્ત કર્યું છે.

### પત્ર–૧૬ : પોતાના કાર્યમાં શ્રદ્ધા

કન્યા વિદ્યાલય, ભાદરણમાંથી છૂટા થવાને એક મહિના પહેલાં પૂ. શ્રી જણાવે છે કે, ગમે તેવા સંજોગોમાં પણ નિરાશ થવું નહિ. આપણા કાર્યમાં આપણને શ્રદ્ધા હોવી જોઈએ. ઈશ્વરપરની અતૂટ શ્રદ્ધા હોવાથી જ ઈશ્વરને ચરણે જીવનનું સર્વસ્વ ધરી દીધું અને એની જ ઇચ્છાનુસાર વર્તવું એ ટેક પોતે વત્તેઓછે અંશે સાચવી રહ્યા છે. હવે પછી પણ તે નષ્ટ થશે નહિ. ઈશ્વરે જે કરવા ધાર્યું હશે તે જરૂર સારા માટે હશે, એ મારી માન્યતા છે. એમાં કદી કાળ પણ ફેર પડે એમ નથી, આજ સુધી એણે મારી સંભાળ રાખી છે. ઠેઠ બાલપણમાં જ્યારે પિતાજી શરીર છોડી ગયા ત્યારે દૂર દૂરના દેશમાં મૂકનાર કોણ હતું? ઈશ્વર જ. ત્યાં પણ એણે જ વિકાસ માટે ભૂમિકા તૈયાર કરી. છેવટે ઋષિકેશ જવાની પ્રેરણા આપનાર, ને ત્યાં જવા માટે



વાતાવરણ તૈયાર કરનાર પણ તે જ હતો. હવે તે જરૂર સંભાળશે. ન સંભાળે તેમ બને જ નહિ. હજી સુધી મારો વિકાસ રુંધાયો નથી. ઈશ્વરને ચરણે સર્વસમર્પણ કરવાનું ને તેને આત્મનિવેદન કરવાનું હજી ગયું નથી–જઇ શકે તેમ નથી. એટલે તે સદા માર્ગદર્શક તરીકે છે જ.

આજના યુગમાં જ્યારે માનવી કૃત્રિમ આનંદ મેળવવા બહારના પદાર્થોનો આધાર લે છે ત્યારે સાચા આનંદના ઉદ્ગમ-સ્થાન વિષે ઉલ્લેખ કરતાં પૂ. શ્રી જણાવે છે કે, ઋષિકેશથી આવ્યો ત્યારે આનંદ હતો. આજેય છે, કેમકે તેનું ઉગમસ્થાન અંતરમાં છે, બહારની કોઈ વસ્તુમાં નહિ. આનંદ ને સુખનું મૂળ અંતર છે, તે જેને લાધ્યું તે કૃતાર્થ થાય છે. બહારના પ્રદેશમાં ફાંફાં મારવાની તેને જરૂર રહેતી નથી. છતાં ખરું કહું તો જીવનની દિશામાં મહાન ને ત્વરિત ફેરફાર થાય એવો પ્રસંગ ઉપસ્થિત થયો છે. પોતાના મનની સ્થિતિનું વર્ણન કરતાં પૂ. શ્રી જણાવે છે કે, સંસારની કોઇ પણ વસ્તુ પ્રત્યે સાચું કહું તો મને જરાય આકર્ષણ રહ્યું નથી. સેવા કરવાનો વિચાર છે–પહેલાં પણ હતો. પરંતુ શું સેવા થાય? પહેલાં હું લાયક થાઉં, પછી તે કરું. આટલા અનુભવ પછી એમ સાચે જ લાગ્યું છે કે માનવજાતિની સારી સેવા કરવી હોય તો આથી પણ વધારે સુંદર ને વધારે વિકાસતી આવશ્યકતા છે. આટલો વિકાસ કાંઇ પર્યાપ્ત નથી. ખરી રીતે તો તે સમુદ્રમાંના એક બિંદુની બરાબર પણ નથી. આ બધા વિચારો મનમાં છે માટે જ ઈશ્વરે અહીંથી ખસેડવાનું કર્યું છે, એમ માનું છું અને આથી વધારે સારું વાતાવરણ આવવાનું છે એને માટે જરાય શંકા રખાય? નહિ જ.

(ક્રમશઃ)

○

# એક ચમત્કારિક અનુભવ

અંજુબેન તલાટી (ટોરેન્ટો, કેનેડા)

મને ૧૯૮૫ માં પ્રથમ કેન્સર થયું. તે વખતે અમે બધા જ નિરાશામાં પડી ગયાં. દુઃખના ડુંગર નજર સમક્ષ દેખાવા લાગ્યા. ક્યાંય આશાનું કિરણ દેખાય નહીં. પણ મા પ્રભુને લીધે મને થોડીક આશા હતી કે હું 'મા'ની દીકરી છું પછી મને શું થવાનું છે? છતાં ૧૯૮૫ જાન્યુ. થી ૧૯૮૮ જુન સુધી ૬ વાર મને ઓપરેશન માટે દર વર્ષે બે વાર જવું પડે. પણ જૂન ૧૯૮૮ માં 'શ્રી મા પ્રભુ' અમેરિકા કેનેડાની યાત્રાએ આવ્યાં હતાં. પૂ. શ્રી મા અમારી સાથે સ્થૂળ સ્વરૂપે હોય. જેનું શરણ લીધું તે 'મા' ખરેખર અમારું સારથિપદ સંભાળે તેવાં સર્વસમર્થ છે. છતાં અમને કેમ મદદ કરતાં નથી? શું ખરેખર પ્રભુએ અર્જુનનું સારથિપદ સંભાળ્યું હશે? કે ખાલી વાત જ હશે? અમે બધું જ તેમને સોંપ્યું છે, છતાં અમારે ભાગ્યમાં દુઃખ અને આંસુ કેમ?

'મા' પ્રભુને મેં લોસ એંજેલસ ભગવાનજીભાઈને ઘરે ફોન કર્યા અને જણાવ્યું 'મા' મારે ફરી હોસ્પીટલમાં જવાનું છે. આશિર્વાદ આપો. 'પૂ. મા' કહે, "બેટા, પાંચવાર હસતાં હસતાં જઈને પાછી આવી તો છઠ્ઠીવાર જઈ આવ, તું ઘરે આરામ કરતી નથી તો પ્રભુ તને ત્યાં આરામ માટે લઈ જાય છે. ત્યાં આરામ કરાવશે જ." પણ 'આરામ' શબ્દો જ્યારે હું હોસ્પિટલમાં દાખલ થઈ ત્યારે ખૂબ જ યાદ આવતા હતા કે "શું આ કાયમ માટે તો આરામ નહી કરાવેને?" પરંતુ "પૂ. શ્રી મા"ના વચનમાં મને



શ્રદ્ધા તો હતી જ, કારણ જ્યારે મેં વાતમાં મારી ચિંતાનું કારણ કહ્યું : મા મને મારી બિલકુલ ચિંતા નથી, પણ મારા બન્ને બાળકોની ચિંતા ખૂબ જ થાય છે. 'મા' બોલ્યાં "બાળકોની ચિંતા તું ના કરીશ. તું ચિંતા કરનાર કોણ? અમે તેમની 'મા' બનીશું." મને થયું કે જો મારું સુકાન જગત જનની સંભાળતી હોય તો પછી ચિંતા શેની! સતત અશ્રુધારા, બી. પી. લો અને ભગ્ન હૃદયે હું હોસ્પીટલમાં દાખલ થઈ. મારા પતિ હર્ષદને જોબ ઉપરથી તત્કાળ રજા લઈ શકાય તેમ હતું નહી. તેથી હું જાતે જ પૂ. મા પ્રભુ–રામકૃષ્ણદેવ, શારદા મા–વિવેકાનંદ, પૂ. શ્રી યોગેશ્વર પ્રભુનાં સ્વરૂપો લઈને ટ્રેનમાં વિષ્ણુસહસ્ર પાઠ કરતાં કરતાં હોસ્પિટલમાં દાખલ થઈ ગઈ!

હોસ્પીટલમાં તુરત જ બધા પરિચિત ચ્હેરા દેખાવા લાગ્યા. બહુ નર્વસ થઈ ગઈ. બધા જ જાણીતાં–નર્સ–ડોક્ટર બધાં કહે; "વેલકમ મીસીસ તલાટી તને આ ડો. હોસ્પિટલ બહુ ગમી ગઈ લાગે છે. એ જ રૂમ નંબર ૭૦૭ તમારી રાહ જોઈ રહ્યો છે. આમ ગમ્મતના શબ્દો બોલી મને હસાવવા પ્રયત્ન કરતા હતા. મેં કહ્યું, "જુઓ મારી માની કૃપાથી જ આ શક્ય બને છે. નર્સનાં સ્ટાફે કહ્યું તમને આજ રૂમ કાયમ કેમ મળે છે. મારાથી સહજ ભાવે બોલાઈ ગયું, "Because my father and holy mother likes there."

મારો દરવખતનો નિયમ જે નર્સને ખબર હતો કે હું પ્રથમ શ્રી શ્રી મા પ્રભુને પધરાવું પછી જ બેડમાં બેસીને મારું નિત્ય-ક્રમ–પૂજાપાઠ વગેરે શરૂ કરું. સાથે સાથે શ્રી શ્રી માને પ્રાર્થના કરું કે "કાલે ઓપરેશન વખતે તું ડોક્ટર અને નર્સ બનીને આવજે."

સવાર થઇ. કટોકટીનો સમય ખૂબ ઝડપથી નજદીક આવવા લાગ્યો, હવે બાયોપસ્સી માટે ગણત્રીના કલાકો જ બાકી હતા. ઉંઘની ગોળીઓ, ગ્લુકોઝની બોટલ અને ઇન્જેક્શન આપવાનું શરૂ થઇ ગયું. સાથે સાથે મેં મારો નિત્યક્રમ ચાલુ જ રાખ્યો. બાવની–ગીતા પાઠ અને વિષ્ણુસહસ્ર વગેરે, પણ મનમાં સતત ચિંતા તો સતાવવા લાગતી. "હે પ્રભુ! હવે શું થશે? આ જીવને કેટલું દુઃખ ભોગવવાનું છે? તારા શરણે આવ્યા છતાં પ્રભુ તારી શક્તિ ક્યાં છે? ક્યાં છુપાયો છે તું? મેં પ્રભુને પ્રાર્થના કરી, "પ્રભુ હવે આ દુનિયામાં રહેવું નથી, પણ તારી પાસે આવીને મારે હિસાબ માંગવો છે. તને જગતમાં જે ભજે તેને શું તું આવી સજા કરે છે! તને કળીયુગમાં કોણ યાદ કરશે? ખરેખર "મા" મારી એ જગત જનની હોઇ શકે! શું તેના શબ્દો "તું ચિંતન કર એ ચિંતા કરશે" તે સાચા હોઇ શકે? છેલ્લાં પાંચ વર્ષમાં પ્રભુને ભજતાં અમને શું મળ્યું–દુઃખ. આંખ સામે બધું જ દેખાય. ડોક્ટરને ત્યાંના જ ધક્કા–રેડીએશન. આર્થિક રીતે કેવું તંત્ર ચાલે છે? બાળકો–પતિ બધી જ બાજુ નિરાશા. જાણે ચારે બાજુ દાવાનલ જ દેખાય. હતાશા, નિરાશા સિવાય કંઇ જ નહીં.

બીજે દિવસે ડોક્ટરે મને બોલાવી જણાવ્યું કે મારે તમારા પતિને અને તેમની સાથે નિકટના કોઇ મિત્ર સંબંધી હોય તો તેમને ખાસ મળવું પડશે, કારણ અમારું માનવું છે કે ફરીથી આતો મોટી સર્જરી કરવી પડે તેમ લાગે છે. પણ હજુ બાયોપસીનું રિઝલ્ટ આવ્યું નથી. તેની જ રાહ જોઇ રહ્યા છીએ! તે વખતની મારી કલ્પના કોઇને ભાગ્યે જ આવે તેવી હતી. પણ અંતરયામી 'મા'ને મારી વેદનાની અસર પહોંચતી જ હતી.



'મા'ના સ્વરૂપ પાસે ખૂબ જ રડી. પ્રાર્થના શરૂ કરી અને એક કલાક પછી પૂ. શ્રી શ્રી માનો ટેલીફોન આવ્યો–લોસએન્જલસથી. 'મા'નો અવાજ સાંભળી મને મનમાં આનંદ થયો. થયું કે પ્રભુ જરૂર સંભાળે છે પણ મારા મનમાં બળાપો હતો. મેં તેમને પ્રેમથી, દુઃખથી એક નાના બાળકની માફક નિર્દોષભાવે સતત પ્રાર્થના કરી છતાં મારે તો દુઃખ જ સહન કરવાનું રહ્યું! બધા ભક્તોને પ્રભુ બધું આપે છે–સુખ, વૈભવ અને જે જોઇએ તે, અને આ નાની બાળકીને દુઃખ જ શા માટે? મેં 'પૂ. મા'ને કહ્યું, "મા હોસ્પિટલમાંથી ઘરે જઇશ ત્યારે સૌ પ્રથમ તમને અને પ્રભુને મારા ઘરની બહાર ગરેજમાં મૂકી દઇશ." પણ શાંતિમૂર્તિ પૂ. શ્રી મા બોલ્યાં, "બેટા! તને શું થયું છે?" મારે નથી કશું જ કહેવું. હું હવે તો ઉપર જઇને ફરિયાદ કરીશ. પણ મા બોલ્યાં "બેટા અમને તારા ઘરમાંથી કાઢી મૂકજે. પણ તારા હૃદયમાંથી તું કાઢી મૂકે તો ખરી!" મારા આત્માને પૂ. મા આટલે દૂરથી વાંચી શકતાં. તેવી શક્તિથી સંપન્ન છે, છતાં મારા બળાપા ચાલુ જ રહ્યા.

મેં કહ્યું, "મારે વાત નથી કરવી. મારે તો ફરીથી મોટા ઓપ-રેશનમાં જવું પડશે. ફરીથી રેડીએશન ટ્રીટમેન્ટ, દવાઓ જેનાથી બધાને માનસિક રીતે ખૂબ જ હેરાન થવું પડશે. ડોક્ટર હમણાં જ કહીને ગયા કે કાલે તમારા પતિ સાથે વાત કરી ઓપરેશન કરી દઇશું. ફરી ૧૦–૧૫ દિવસ હોસ્પિટલમાં રહેવું પડશે. છતાં પૂ. માએ કહ્યું, "હું આજે જ 'પ્રભુ'ને કહી દઇશ. પ્રભુ બહુ જ થયું. હવે મારી અંજુની આવી આકરી કસોટી ના કરશો." છતાં પણ મેં વાત સાંભળી નહીં, કારણ મોત સામે હોય તેને કંઇ જ

સમજાય નહીં. 'મા'પ્રભુને પાછા ખાનામાં મૂકી દીધા અને રાત્રે નર્સે ઘેનની દવા–ઇંન્જેક્શન બન્ને હાથમાં ગ્લુકોઝના બાટલા પણ આપી દીધા.

હવે જુઓ, મારી માની લીલા! હવે દુઃખનો અંત આવે છે. સવારે શનિવાર હોવા છતાં ત્રણ ડોક્ટરની ત્રિપુટી જે મારા પતિને મળવાને માટે રાહ જોતા હતા! તેઓ જ મારા રૂમમાં આવ્યા. તેઓ મારા મોં સામું જોઇ બોલ્યા, "તમારાથી રાત્રે બરોબર સુવાયું હોય તેવું લાગતું નથી." મેં કહ્યું, "વિજ્ઞાન–અધ્યાત્મ બને ધતિંગ છે. મારે હવે ઓપરેશનમાં જવું પડશે, તેના કરતાં મને હવે અહીંયાં જ શાંતિથી પડી રહેવા દો અને અહીંયાં જ મરવા દો." ડો. બોલ્યા, "અરે! અમે તમને એક ખુશી સમાચાર આપવા માટે આવ્યા છીએ! આજે ટેબલ ઉપર તારા મા–બાપ કેમ નથી? ક્યાં ગયાં! મેં કહ્યું, "તેમને મેં કાઢી મૂક્યાં છે. તમે અને તેઓ બન્ને જુઠા છો. એક ડોક્ટર બોલ્યા, "મીસીસ તલાટી હું મીરિકલ્સમાં માનતો નથી. હું ગાંઠ જોઇને જ કહી શકું કે આ ગાંઠ કેન્સરની છે કે નહીં, પણ તમારા કેસમાં મારો વર્ષો જૂનો અભ્યાસ અને અનુભવ નિદાન કરવાનો–આજે ખોટો પડ્યો છે. આજે જ તમારો રીપોર્ટ આવ્યો તેમાં તેઓ જણાવે છે કે તે રીપોર્ટ નોર્મલ છે. કેન્સરની ગાંઠ છે જ નહીં. જે મારા માટે માનવું અશક્ય છે. છતાં લેબોરેટરીનો રીપોર્ટ જ સાચો. મારે માનવો પડે તેમ છે." મને તો આ સાંભળી આશ્ચર્ય થયું! મારા ૪૮ કલાક કેવા માનસિક પરિતાપ હેરાન–પરેશાનીમાં ગયા હતા! મારાથી બોલાઈ ગયું 'મા' તું સાચી, ભક્તોની કસોટી કરીને તું તેને સંભાળે છે. 'મા' હવે આવી કોઇની કસોટી ના કરીશ. તને મારા લાખો પ્રણામ."



હવે દર–ત્રણ માસે બતાવવા માટે જવાનું થાય છે. પણ ડોક્ટર તો આને મીરિકલ્સ જ માને છે તથા પૂછે કે તમારી હોલી મધર કેમ છે! બીજા ડો. ને પણ તે જણાવે છે કે જે સાયન્સ ના કરી શકે તે આના ભગવાને કર્યું છે. ત્યાર પછી ૧૯૮૮ જુન ૨૬ મી થી મને એમ થયાં કરે કે "મને કંઇ જ થવાનું નથી." કારણ 'મા' એ પ્રભુની કોર્ટમાં મારી અરજી પાસ કરાવી છે. અને હું હજુ બેત્રણ વર્ષનું બાળક 'મા સર્વેશ્વરીનું'. તેના ખોળામાં આળોટવાનું મન થાય. આ મા સંસારની મા કરતાં કરોડ ઘણો પ્રેમ આપે છે. ખરેખર, મેં તેમને સતત યાદ કર્યાં તો તેમણે મને શું નથી આપ્યું? અને જ્યારે માર્ચ ૧૭, ૧૯૯૦ ફરીથી હોસ્પિટલમાં જવાનું થયું ત્યારે પૂ. શ્રી માએ એક ગીફ્ટ મોકલાવેલી. તે સુંદર લખાણ હતું તે લઈને હું ગઇ, મેં ડોક્ટરને આપી. ડોક્ટર બોલ્યા, "ખરેખર મારી પાસે તારી હોલી મધર્સ માટે શબ્દો નથી. તેમના જ આશિર્વાદથી તું સાજી થઇ છે.

તું હવે મનમાંથી કાઢી નાંખ કે તને કેન્સર છે. હવે દર ત્રણ માસે બતાવવા માટે જવાનું થાય છે. ત્યારે આ શબ્દો યાદ કરીને મને તો દુનિયાનું સર્વસ્વ મળી ગયું હોય તેવું લાગે છે. પ્રભુને પ્રાર્થના કે તું બધું જ લઇ લેજે પણ તેના બદલામાં મારી માનો પ્રેમ સવા ગણો મને આપજે. 'મા' તારું ઋણ કઇ રીતે અમે વાળીશું! છતાં માનું ઋણ શું? તે તો મારી છે. અને મારી જ રહેવાની છે. મારા પરિવારમાં 'મા', મારી દુનિયામાં 'મા' અને મારા રોમેરોમમાં 'મા' છવાયેલી છે અને રહેશે, એવી મારા પ્રભુને પ્રાર્થના. લોસએન્જલસના એ આશિર્વાદ મને સતત યાદ આવે છે. મારી 'મા' પાર્થિવ દુનિયાની નથી. એક જગત જનની છે. મારા જેવા લાખ્ખોનો ઉદ્ધાર કરવા માટે એ તપે છે. જપ

અને સાધના કરે છે. 'મા' આ દુનિયાના દુઃખી આત્માઓને માટે. સતત મારા જેવા આશિર્વાદ પ્રભુ પાસે માંગતી રહેજે. આ દીકરીની મારા પ્રભુ પાસે નમ્ર પ્રાર્થના છે. કે મારી 'મા' આ દુઃખી ભક્તોને સદાય સહાય કરે. તે માટે તેમનાં વ્રત–જપ–સાધનામાં તમે પ્રભુ આવી જ રીતે મદદ કરો છો અને મદદ કરતા રહેજો પ્રભુ...

જય કૃપાલુ મા–તમારો સર્વત્ર જય જયકાર હો!

## સરલ ગીતા અને તુલસીદળ

હવે સરલ ગીતા (ભગવદ્ગીતાનો સરળ કવિતામાં અનુવાદ) તેમ જ તુલસીદળ (પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમ જ મા શ્રી સર્વેશ્વરીએ રચેલ કેટલીક ભાવપૂર્ણ સ્તુતિઓનો સંગ્રહ) ઉપલબ્ધ છે. ગીતાની કિમ્મત રૂ. ૨/– (રાહતના દરે) તેમ જ તુલસીદળના રૂ. ૪/– છે. પોસ્ટેજ અલગ.

જેઓને આ પુસ્તકો જોઈતાં હોય તેઓએ તંત્રી અધ્યાત્મને ભાવનગર લખવા વિનંતિ છે.

—તંત્રી, (અધ્યાત્મ)



# સત્ય–નિષ્ઠા

કમલ સુથાર

સત્ય અને અહિંસા એ માનવ જીવનનાં બે અણમોલ રત્નો છે. સત્યથી જ જીવન દીપે છે. જીવન તેજસ્વી બને છે. સત્ય એ જીવનનું હીર છે. ખમીર છે. જે સત્યનિષ્ઠ રહે છે એ જીવનમાં સફળ બને છે. વિજયી બને છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં એટલે જ તો કહેવાયું છે : "સત્ય મેવ જયતે।"

છેવટે સત્યનો જ જય છે.

જે જૂઠનો આધાર લે છે એ કદીય સુખી થતાં નથી. સફળ થતા નથી. જૂઠથી જીવન પોકળ બને છે. ગંદું બને છે. અશાન્ત બને છે. વિનાશકારક બને છે. કપટી–અહંકારી દુર્યોધન અને કૌરવોએ જૂઠનો સહારો લઈ અનેક પાશવિક પ્રપંચો રચી નીતિવાન–ભક્ત પાંડવોને અનેક રીતે પજવ્યા. પાંડવો–દ્રૌપદીએ સત્યનો સહારો લીધો. ધર્મનો સહારો લીધો. માનવતા અને નીતિનો સહારો લીધો. પરિણામે તેઓ વિજયી બન્યા. કપટી જૂઠા–કૌરવો હણાયા. ઝેરી–જૂઠી પૂતનાએ જૂઠનો સહારો લઈ ભગવાન શ્રીકૃષ્ણને મારવા પ્રયાસ કર્યો પણ એ રતાંધળી જ મૃત્યુના મુખમાં હોમાઈ ગઈ.

સત્ય જીવનને ઓજસ્વી બનાવે છે. સશક્ત બનાવે છે. સત્યનિષ્ઠ વ્યક્તિની વાણીમાં પણ પ્રભાવ હોય છે. જે પીત્તળનાં ખાલી ખખડતાં વાસણોમાં નથી હોતો. તૂટેલાં–ફૂટેલાં ઢોલોના અવાજમાં એવો પ્રભાવ નથી હોતો.

સત્યની આરાધનાથી જીવન ઉન્નત અને ઊર્ધ્વગામી બને છે. એટલે જ તો પ્રબુદ્ધો, ઋષિ–મુનિઓ, પ્રખર તત્ત્વચિંતકો–સજ્જન મનુષ્યોને જીવનમાં સત્યનું પાલન કરવાનુ કહેતા હોય છે. એ હરક્ષણ નિર્ભય બની પરમ ખુમારીમાં ઝૂમતા હોય છે. સત્ય ખાતર શરીરનું બલિદાન દેતાં પણ તે ખચકાતા નથી.

આધુનિક યુગના મહાપુરુષ મહાત્મા ગાંધીજી. સત્ય અને અહિંસા આ મહાપુરુષના જીવનના પાયાના સિદ્ધાંત. તે બેરિસ્ટર હતા. પણ સિદ્ધાન્ત પાલન માટે તેમણે અનેક કષ્ટો વેઠ્યાં. શોષણખોર સરમુખત્યારોના અનેક પાશવિક અત્યાચારો અને ધમકીઓ સામે તે ન ઝૂક્યા. સત્ય ન છોડયું. સત્ય અને માનવીય સ્વતંત્રતા માટે તેમણે સરમુખત્યાર અંગ્રેજ સરકાર સામે સંઘર્ષ ખેડયો. તેમાં તેઓ આખરે વિજયી બન્યા. સત્ય સામે બ્રિટિશ સરકાર ઝૂકી. ભારત આઝાદ બન્યું.

સત્યમાં પ્રચંડ શક્તિ છે. જૂઠનો આધાર લઇ પ્રાપ્ત કરેલી લૌકિક સત્તા, અને શોષણના પાયા પર નિર્દોષોનાં ખૂન ચૂસી ખડા કરેલા નશ્વર વૈભવો કાળ સામે કદીય ટકી શકતા નથી. સત્ય કાળ સામેય અજેય–અમર ઊભું રહે છે.

સત્ય ખાતર સોક્રેટિસે હળાહળ વિષનો પ્યાલો પણ હસતે મુખે ગટગટાવ્યો. અને આજેય તે સત્યવીર સોક્રેટિસ તરીકે અમર છે! હડકાયાં કૂતરાં ભસવાથી, પોકળ ડોબરિયાં કે બોકરિયાંના ઉત્પાતથી કે ઝેરી પૂતનાઓના પાશવિક તાંડવથી કે સત્તાખોર–શોષણખોર સરમુખત્યારોના પાશવિક અત્યારો કે પેંતરાઓથી સત્ય કદીક મરતું લાગે, પણ કદી મરતું નથી.

મહાત્મા મન્સૂર. સત્યનિષ્ઠ મહાત્મા હતા. તેમને પ્રખર



સત્યારાધના પછી પરમ આંતરિક અનુભૂતિ થઇ હતી : "અનલ-હક!" અર્થાત્ "મૈં વહી હૂઁ!" અર્થાત્ "હું પરમાત્મા છું." આ અનુભૂતિની અભિવ્યક્તિથી તે સમયનો અહંકારી બાદશાહ છંછેડાયો. તેના પોકળ અહંકારના ઉપર પ્રચંડ ચોટ થઇ. તેના પાળેલા તુમાખીવાળા ખાંધિયા અકળાયા. આ બધાંય હલકટ–અધમ તત્ત્વોએ આ પરમ મહાપુરુષની વિરુદ્ધ મદાંધ બાદશાહના કાનમાં દ્વેષનું ઝેર રેડયું. પરિણામે આ સરમુખ્યારે મહાત્મા મન્સૂરના જીવતા શરીરને અગ્નિમાં જલાવ્યું. પણ આ મહાપુરુષે સત્ય ન છોડયું. શરીરની રાખ થઇ. તેનું અણું અણું સત્ય–ઉચ્ચારતું હતું : "અનલહક" 'હું પરમાત્મા છું.'

સત્ય અમર છે. કાળ કે લૌકિક સત્તા તેને મિટાવી શકતી નથી.

પ્રાચીનકાળમાં આવાજ એક સત્યનિષ્ઠ વૈજ્ઞાનિક થઇ ગયા. નામ તેઓનું ગેલેલિયો. આ વૈજ્ઞાનિકને નવું નવું સંશોધન કરવામાં રસ હતો. તેમના જમાનામાં માન્યતા હતી કે : "સૂર્ય પૃથ્વીની આજુ બાજુ ફરે છે." ગેલેલિયોને આ માન્યતામાં કંઇ સત્ય કે તથ્ય જણાયું નહીં. તેમણે વર્ષો સુધી આ બાબતે ઊંડું ચિંતન અને સંશોધન કર્યું. અંતે તેમને વૈજ્ઞાનિક આધારે સ્પષ્ટ જણાયું કે :

"પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે." તેમને લાધેલું આ સત્ય તેમણે જગત સમક્ષ નિર્ભીક બનીને જાહેર કર્યું. આ સાંભળી રૂઢિગ્રસ્ત તેમ જ દૃષ્ટિહીન લોકો છંછેડાયા. બધાં અણસમજુ લોકોએ સત્યનિષ્ઠ ગેલેલિયો વિરૂદ્ધ જૂઠો ઝેરી પ્રચાર શરૂ કર્યો. મહાન ગેલેલિયોને સતાવવા અનેક પાશવિક કપટી–પેંતરા કર્યા.

પણ કૂતરાં ભસવાથી ગભરાઈને આ વીર વૈજ્ઞાનિકે સત્ય ન છોડયું. સિદ્ધાન્ત ન છોડયો. સૂર્ય સામે અંધકારનાં ઘૂવડોએ ખૂબ ધૂળ ઉછાળી. પણ સત્યનો સૂર્ય કદી ઝાંખો ન પડયો. અંતિમ ક્ષણ સુધી આ મહાન વૈજ્ઞાનિકે પોતાને જે સત્ય લાધ્યું હતું તેનો જ ઉચ્ચાર કર્યો :

"પૃથ્વી જ સૂર્યની આસપાસ ફરે છે." વૈજ્ઞાનિક જગતમાં આજેય આ સત્યનિષ્ઠ ગેલેલિયોનો સિદ્ધાન્ત સ્વીકૃત છે. અણ-સમજુ માણસોના ધમપછાડાથી સત્ય ઝાંખું પડતું નથી. મરતું નથી. સત્યનો હંમેશ જય છે : "સત્ય મેવ જયતે!"

O

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.

## * પ્રત્યેક ભાવ કે વિચાર યોગ બની શકે *

પ્રત્યેક ભાવ કે વિચારને પણ યોગ બનાવી શકાય. મહારાજા ભર્તુહરીનો વૈરાગ્ય યોગ બની ગયો. એ પોતે વૈરાગ્ય શતકમાં લખે છે કે મારી અંદર જ્યારે કામદેવે પેદા કરેલા સંસ્કારને પરિણામે ઉત્પન્ન થયેલું અજ્ઞાન હતું ત્યારે સકળ સૃષ્ટિમાં મને સ્ત્રી વિના બીજું કશું દેખાતું નહોતું. પોતાની પત્ની પિંગલામાં એમને પુષ્કળ પ્રીતિ અને આસક્તિ હતી. એકવાર એક બ્રાહ્મણે એમને ભગવાન શંકર પાસેથી મળેલું અમૃતફળ આપ્યું. એમણે એ અમૃતફળ પોતાની પ્રિયતમા પિંગલાને આપ્યું. પિંગલાએ પોતાના યાર અશ્વપાલને, અશ્વપાલે એની પ્રીતિપાત્ર દાસીને, અને દાસીએ વળી પાછું રાજાને આપ્યું. રાજાને એ ફળને નિહાળીને નવાઈ લાગી. એમને સઘળા ભેદની માહિતી મળી અને પિંગલાના અશ્વપાલ સાથેના સંબંધનું ભાન થયું ત્યારે એમની આંખ ઉઘડી ગઈ. એમને તીવ્ર વૈરાગ્ય થયો. એમણે ઉદ્‌ગારો કાઢયા : "જે સ્ત્રીનું હું નિરંતર ચિંતન કરું છું તે મારામાં રતિ નથી રાખતી. મારાથી વિરક્ત છે. તે બીજા જ પુરુષની ઇચ્છા રાખે છે. એ પુરુષ પણ બીજી જ સ્ત્રીમાં આસક્ત છે. તે સ્ત્રી મારા પરિતોષમાટે પ્રયાસ કરે છે. એવી રીતે કોઈ કોઈને વફાદાર નથી. મનુષ્યોનાં મન ચંચળ ને નિર્બળ છે. એ સ્ત્રીને ધિક્કાર, પેલા પુરુષને ધિક્કાર, કામદેવને ધિક્કાર, આ સ્ત્રીને ધિક્કાર, અને મને પણ ધિક્કાર કે હું આટલા બધા વખત સુધી ઘોર અજ્ઞાનમાંજ રહ્યો.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * રાષ્ટ્રીય એકતા *

રાષ્ટ્રીય એકતામાં ધર્મ અને સંસ્કૃતિની સમજ ખૂબ જ મહત્ત્વનો, મહામૂલ્યવાન્ ભાગ ભજવે છે. ભારતીય સંસ્કૃતિના પ્રાતઃ સ્મરણીય મહાપુરુષોએ **संगच्छद्वं संवदद्वं सं वो मनांसि जानताम्**–સૌ સાથે મળીને આગળ વધો, વિકાસ કરો, સૌ સાથે મળીને એક સ્વરે બોલવાની ટેવ પાડો, અને સર્વેના મન એક પ્રકારની ભાવનાથી ભરપૂર બનો, એકમેકનાં સુખદુઃખનો અનુભવ કરો, એવો આદેશ આપીને એકતાનો સંદેશ જ પૂરો પાડયો છે. ધર્મ અને તત્ત્વજ્ઞાને એકલપેટા, સ્વાર્થી થવાની શિક્ષા આપવાને બદલે સૌના હિતમાં પોતાનું હિત સમજવાની, બીજાના સેવાકાર્યમાં પોતાની સમગ્રશક્તિ અને સંપત્તિ સાથે પ્રેમ-પૂર્વક લાગી જવાની ને બીજાને માટે ફના થવાની પ્રેરણા પહોંચાડી છે. ઉપનિષદના શાંતિપાઠમાં એના પ્રતિધ્વનિ પડે છે. **ॐ सहना ववतु, सह नौ भुनक्तु।** જેવા પ્રતિધ્વનિ ભેદમાં નહિ પરંતુ અભેદમાં, સ્વાર્થમાં નહિ પરંતુ નિઃસ્વાર્થ વૃત્તિમાં, વેરમાં નહિ પરંતુ પ્રેમમાં, વિભાજનમાં નહિ પરંતુ એકીકરણમાં પ્રવેશવાનો પ્રકાશ પૂરો પાડે છે. ભારતીય સંસ્કૃતિ–સાહિત્યમાં એવા અનેક અસાધારણ મંત્રો છે. પરંતુ મંત્રો જ્યાં સુધી મંત્રો જ રહે, ગ્રંથોપૂરતા જ સીમિત બને, પારાયણ કે રટણનો વિષય બને, ને જીવનમાં અમલી બનીને નવજીવનનો સંચાર ના કરે ત્યાં સુધી જરૂરી લાભ ભાગ્યે જ થઈ શકે.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧